|| વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો ||

# || અધ્યાત્મ ||

**(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)**

**સંસ્થાપક :** પરમ પૂજ્ય શ્રીયોગેશ્વરજી

**પ્રકાશક :** સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ

**આદ્ય તંત્રી :** શ્રીનારાયણ જાની

**સંપાદક :** શ્રીતરલા દેસાઈ-ડૉ. અરુણા ઠાકર

**વ્યવસ્થાપક :** શ્રીઆશિષ વી. ગોહિલ P.966 466 9052

**મુદ્રણ :** વૃન્દા ભૂપેન્દ્ર પટેલ, OLD L.I.G 167, આનંદનગર, ભાવનગર-૫

**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં,
ડી.કે.પટેલ હૉલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩

અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com

વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'

ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

'અધ્યાત્મ' દર માસની ૧ તારીખે પ્રસિદ્ધ થશે.

આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.

છૂટક નકલ **૮-૦૦**। દસ વર્ષ માટે **૨૫૦**/–

વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–**। દસ વર્ષ માટે **૧૬,૫૦૦/–**

'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.

'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં ઓછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.

આ લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઑર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :

**સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ**

'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા

પિન કોડ : ૩૮૫૧૧૦ ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯

# ॥ અપ્પદીપો ભવઃ ॥

બુદ્ધના અંતકાળના શબ્દો હતા : 'અપ્પદીપો ભવઃ' આનંદે કહ્યું; તમે તો અમારો દીવો હતા. તમારી રોશનીથી અમે ચાલતા હતા. તમે પ્રકાશ હતા, તેથી અંધારું ન હતું. હવે રાત અંધારી લાગશે, અમે ભટકીશું અમે તો તમારા પ્રકાશથી પણ ન પહોંચી શક્યા તો તમારા વગર કઈ રીતે પહોંચીશું ? અમારું શું થશે ?

બુદ્ધ બોલ્યા; 'અપ્પ દીપો ભવઃ ।' પોતાના દીવા બનો. આનંદ, બીજાના પ્રકાશથી કોઈ ક્યારેય નથી પહોંચ્યું. કારણ કે બીજાની રોશની બહાર જ પડે છે. તમારી અંદર તો ફક્ત તમારી રોશની જ પડી શકે. હું ગમે તેટલો પ્રકાશ ફેંકું પણ તે તમારી ચારે બાજુ રહેશે. તમારી અંદર નહિ જાય. મારી આપેલી સમજણ તમને ઘેરી લેશે, તમારું વાતાવરણ બની જઈ, તમારી આજુબાજુ આભામંડળ રચી જશે. પરંતુ તમારી અંદર રોશની નહિ જાય. અંદર તો તમારું જ્ઞાન જ અંકુરિત થશે. તમારો આત્મા પ્રગટશે.

તમારો દીવો આમ તો પ્રગટેલો જ છે. ફક્ત તેની નીચે અંધારું છે. મેં દર્શાવેલા અંધારાનાં કારણો એક પછી એક તોડતા જાવ. સહુથી મોટું કારણ તમારો સંસારમાં હજી પણ રસ રહેલો છે, તે રસ રાખીને તમે અંદરની તરફ ડૂબકી નહિ મારી શકો. આમાં કોઈ રસ નથી એમ પણ ન વિચારો. માત્ર ધ્યાન ધરો. ધ્યાનથી જુઓ, રસ હશે તો મળી જશે. જે લોકોએ અત્યાર સુધી ધ્યાનથી જોયું તેમણે જાણી લીધું કે અહીં બધું અસાર છે. આ અસારની પ્રતીતિ તમારી અંતર્યાત્રાનું દ્વાર બની જાય, પ્રકાશ અંદર ફેલાઈ જાય; પછી તમારા જીવનમાં ક્યારેય કંઈ ખોટું નહિ થાય. તમે જે પણ કરશો તે બરાબર જ હશે.

—ઓશો

॥ ॐ યોગેશ્વરાય નમઃ ॥  ॥ ॐ 'મા' સર્વેશ્વર્યૈ નમઃ ॥

# તા.૧૩/૧૧/૨૦૨૪

॥ પૂજ્યશ્રી'મા'ના ૮૨મા પ્રાગટ્યદિને અનંત કોટિ પ્રણામ ॥

## ॥ 'મા'ના અસ્તિત્વમાં પ્રભુનો આવિર્ભાવ ॥

આપણે બડભાગી છીએ કે; પૂ.શ્રી'મા'ના અસ્તિત્વ મિષે સ્વયં પરમેશ્વર પ્રગટ્યા. આવાં પરમ કલ્યાણમયી 'મા'ની સંનિધિમાં અનુભવી શક્યા છીએ કે;

'સબ ઘટ મેરાં સાંઈયાં, સૂની સેજ ન કોઈ
બલિહારી વો પુરુષકી, જા ઘટ પરગટ હોઈ.'

તો જેની કૃપા વહેતી નથી પણ ભક્તહૃદયને તાકે છે, લક્ષ્ય કરે છે અને એનું કલ્યાણ કરીને જ જંપે છે એવાં પરમ કરુણામયી 'મા' સાથે એકવાર જો સત્સંગ થઈ જાય તો આત્મઓળખની ભિન્ન ભિન્ન પદ્ધતિઓથી અવગત થવાની શી જરૂર ? જ્યારે શીતળ દક્ષિણાનિલ મંદ મંદ વાતો હોય ત્યારે હાથપંખાની શી જરૂર ?

# અનુક્રમ


| | | |
|---|---|---|
| નિવેદન | | ૭ |
| ૧. શ્રીયોગેશ્વરકથામૃત | શ્રી'મા' સર્વેશ્વરી | ૮ |
| ૨. પાર્વતીનું સંપૂર્ણ સમર્પણ | સંકલન | ૧૨ |
| ૩. 'મા' તપેશ્વરી કરું પ્રણામ | ડૉ. અર્પિતા જોશી | ૧૩ |
| ૪. પૂ.શ્રી'મા' : પૂ.શ્રી યોગેશ્વરજીનું અલૌકિક સર્જન | શ્રી તરલા દેસાઈ | ૨૦ |
| ૫. 'ગુરુ કરતા આપ સમાન' | ડૉ. અર્પિતા જોશી | ૩૫ |
| ૬. અંતરનો અવાજ | શ્રી નમન ટેલર | ૪૨ |
| ૭. ૧૫ ઑગસ્ટ : પૂ.શ્રી યોગેશ્વરજીનો પ્રાગટ્યોત્સવ | શ્રી મયૂરી ટેલર | ૪૪ |
| ૮. પરંપરાગત પર્વોમાં અદ્યતનતા | શ્રી અશ્વિન કાકા | ૫૩ |
| ૯. પૂ.શ્રી'મા'ની અદ્‌ભુત અવિશ્રાન્ત સાધના | સંકલન | ૫૭ |
| ૧૦. પૂ.શ્રી'મા'ના ઉપદેશની ન્યારી રીત | ,, | ૬૧ |
| ૧૧. પૂ.શ્રી'મા'નો પ્રેમસંદેશ | ,, | ૬૪ |
| ૧૨. સાધકોને સદા જાગ્રત રહેવા અનુરોધ | ,, | ૬૬ |

**નિવેદન : 'શરણાગતિ જેવી કોઈ ગતિ નથી'**

પરમ પ્રેમમયી 'મા' વર્ષોથી એક જ વાત કહ્યા કરે છે ; ''મા'ને જ જુઓ. 'મા'ને જ સાંભળો. જે દેખાય છે તે જુઓ, જે સંભળાય તે સાંભળો.' આપણને પ્રશ્ન થાય આ જોવું એટલે શું ? પૂ. 'મા'નો બાહ્ય દેખાવ, પહેરવેશ, પરિવેશ, કુટુંબ, ગામ, શહેર ? જગત ?

પૂ.શ્રી'મા'ને એક નજરે નિહાળતાં જ તેઓશ્રીનું શ્વેત પરિધાન ઊડીને આંખે વળગે. આજુબાજુનું બધું જ શ્વેત, સ્વચ્છ, સુઘડ, શુભ્ર, પવિત્ર. પણ આ આચ્છાદન નથી. પૂ.'મા'ના અંતઃકરણની શુભ્રતા, અમલતા, સ્વચ્છતા, પવિત્રતાનો પ્રગટ આવિર્ભાવ છે.

પિતાશ્રીએ પ્રેમથી પાડેલું નામ સરોજ એમનો પરિચય છે. જે સંસારના કાદવકીચડથી અસ્પૃષ્ટ છે. સહજ રીતે જ તે પોતાની બધી જ પાંખડીઓ ખોલી, પૂર્ણ પ્રસ્ફુટિત પદ્મસ્વરૂપમાં પરિણમ્યું. પણ આજે તેઓશ્રી 'ૐ' નામધારી, કેવળ આત્મસ્થ થઈ ગયાં છે.

પૂ.શ્રી'મા'ની પરમ ચેતનાની સૂક્ષ્મતા, ગહનતા પામી શકાય તેમ નથી. દિવ્યતાનાં એટલાં બધાં પરિમાણો તેમનાં અસ્તિત્વમાં પ્રગટેલાં છે કે એ બધાંને પકડમાં લેવા અસંભવ છે. પણ આપણી શ્રદ્ધા એ દિવ્યતાને ક્રિયાશીલ બનાવે છે, આપણી સુપ્ત ચેતનાને પ્રેમથી ઢંઢોળે છે, પ્રતિકૂળતાઓ વચ્ચે શાંત રાખે છે.

પોતાની હંમેશની વિનમ્રતાથી તેઓશ્રી કહે છે : ''મા' જ માને ક્યાં ઓળખી શક્યાં છે ? જોકે વણઉકલ્યા 'મા'ની માલિકી પ્રભુની છે.' એમ કહી પોતાના સંપૂર્ણ સમર્પણને સંકેતી રહે છે.

આમ, પરમ ચેતનાના આકાશમાં એમનું ઉડ્ડયન છે. એ વાત નિશ્ચિત છે. બહુ બહુ તો એમની પાંખો દેખાય, એનો ફફડાટ સંભળાય પણ એનાથી આગળ પહોંચવું અશક્ય.

અત્યારે મનુષ્યત્વ અને દિવ્યતાનો અદ્ભુત, વિરલ સમન્વય સાધી ચૂકેલાં પૂ.શ્રી'મા' આપણી-એમના ભક્તોની પ્રતીક્ષામાં છે. તો આવો વિનાવિલંબે એમના શ્રીચરણકમળમાં મસ્તક ઝુકાવવા પહોંચી જઈએ : શ્રી તુકારામ કહે છે તેમ, 'શરણાગતિ જેવી કોઈ ગતિ નથી.'

# ॥ શ્રીયોગેશ્વરકથામૃત ॥

## તા.૩૦/૫/૧૯૮૩, સોમવાર. વૈશાખ વદ ચોથ, વિ.સં.૨૦૪૦

### સ્થળ : ઋષિકેશથી ઉત્તરકાશી.

આજે ગંગોત્રીની યાત્રા શરૂ થઈ. ઘણી ઘણી ચર્ચાવિચારણાને અંતે વડોદરાની જ ગાડીમાં પૂ.શ્રી યાત્રા કરશે એવું નક્કી થયું. સવારે પોણા સાત વાગ્યે ઈન્દ્રલોક હૉટલથી યાત્રા શરૂ થઈ. સાથે એક ગાડી ભાડે પણ લીધી જેમાં બીજા છ ભાઈબેનો બેઠા.

ઋષિકેશથી ગંગોત્રી ૨૪૫ કિલોમીટર દૂર આવેલું છે. ઋષિકેશથી જ પહાડી માર્ગ શરૂ થઈ જાય છે. નરેન્દ્રનગર થઈ ટીહરી પહોંચ્યા ત્યારે પોણા દસ વાગી રહ્યા હતા.

નરેન્દ્રનગર રાજા નરેન્દ્રસિંહે વસાવ્યું હતું. નાનકડું શહેર. પહાડમાં એ વ્યવસ્થિત શહેર હતું. નરેન્દ્રનગરથી સાવલી, ચંબા થઈ ટીહરી આવ્યા. અહીંથી પૂ.શ્રી જ્યાં રહ્યા હતા તે સ્થાન જોવા જવાનું હતું. વરસો પહેલાં પૂ.શ્રી જ્યારે દેવપ્રયાગથી પગરસ્તે ચાલતા ટીહરી આવ્યા હતા ત્યારે જ ધર્મશાળામાં રહ્યા હતા તેની સાથે બદરીનાથ અને કેદારનાથનું મંદિર છે તે જોવા માટે પૂ.શ્રી સૌને લઈ ગયા.

ભાગીરથી ને ભીલંગણા નદીઓના સંગમતટે એ મંદિર આવેલું છે, પુરાણી હાલત છે. પૂ.શ્રી જ્યાં રહેતા તે ઓરડો બતાવ્યો. વળી અહીં રામતીર્થ લાયબ્રેરી ને રામતીર્થ સ્કૂલ ચાલે છે. મંદિરમાં દર્શન કર્યાં. પૂ.શ્રી ક્યાંથી દરરોજ સ્નાન કરવા જતા તે અને મંદિરનો પ્રસાદ કયાં બેસીને લેતા તે મંદિરના ઓટલાનાં પણ દર્શન કર્યાં. ત્યારે તો એ સ્થાન ખૂબ એકાંત જંગલમાં હતું. આજે પણ એકાંત તો છે પણ આસપાસ બાંધકામ શરૂ થયું છે. વળી રસ્તાઓ પણ દૂર સામે થઈ રહ્યા છે.

આ એકાંત સ્થાનમાં ૧૯૪૪માં પૂ.શ્રી રહ્યા અને એ નાનકડી ખૂણાની ઓરડીમાં બંધ બારણે ધ્યાનસ્થ રહ્યા ! પૂ.શ્રીએ વાતો કરતાં કહ્યું કે, 'અમે ઓરડામાં લંગોટ પહેરીને જ રહેતા. બહાર નીકળીએ ત્યારે એક નાનો સફેદ ખાદીનો ટૂકડો વીટી દેતાં. ૨૨ વર્ષની ઉંમર એટલે પૂજારીને પણ નવાઈ લાગતી.'

ટીહરીના એ પવિત્ર સ્થાનમાં દર્શન કરી ફરી બજારમાં ગયા. જ્યાં ગાડી હતી ત્યાં આવી ગયા. કેરીનો જ્યુસ પીધો. ફરી ગાડીઓ ગંગોત્રીની દિશામાં આગળ વધવા લાગી ત્યારે ૧૧.૨૦ વાગી રહ્યા હતાં. ફરી એજ પહાડી માર્ગ, લીલાછમ પર્વતો, વળી ક્યાંયેક સપાટ જમીન, કોઈક વાર પર્વતીય ઝરણાંઓ જોવા મળે.

આજ ટીહરી શહેર જ્યાં પ્રથમ વાર પૂ.શ્રી સાધનાકાળમાં પધાર્યા ત્યારે માર્ગમાં પ્રભુએ પોતે ગામ વસાવી ભોજન કરાવ્યું હતું ! વળી શહેરમાં પગે ચાલીને આવતાં જ એક અજાણ્યા પંડિતે એમને બદરીનાથ મંદિરની ધર્મશાળામાં જ રહેવાની ભલામણ કરી હતી ! એ પવિત્ર સ્થાનનાં દર્શન કરતાં જ પેલી પંક્તિ યાદ આવી.

**ટીહરી જાતાં ઘોર જંગલમાં, રસ્તો નવ સૂઝે.**

એ પવિત્ર સ્થાનની વિદાય લીધી. ભન્ડીયાના, સ્યાસુ, છામ, મનેતી, ચીન્યાલી, ઘરાસુ, તુન્ડી થઈ ઉત્તરકાશી આવી ગયા. ટીહરીથી ૭૩ કિલોમીટર ઉત્તરકાશી આવેલું છે.

ઉત્તરકાશીમાં લગભગ દોઢ વાગ્યે પ્રવેશ કર્યો. ત્યારબાદ સૌએ ભોજન લીધું. પૂ.શ્રીએ મીઠાઈ, ચણા વગેરે ભોજનમાં લીધા. પરંતુ તે પહેલાં અહીંના વિશેષ સ્મરણીય પવિત્ર સ્થાનમાં દર્શન કરવાના હતાં.

સાધનાકાળ દરમ્યાન પૂ.શ્રી અહીં પણ રહ્યા હતાં અને ત્યારે કાલીકમલી ક્ષેત્રમાંથી દંડી સ્વામીઓને મળતી ભિક્ષાના

વિભાગમાંથી ભિક્ષા લેતા. તે સ્થાનનાં પણ પૂ.શ્રીએ દર્શન કરાવ્યાં અને આજનો અલ્પાહાર તે મેદાનમાં જ પૂ.શ્રીએ લીધો.

સામે જ ભાગીરથી વહે છે ત્યાં પૂ.શ્રી પ્રથમવાર માતાજીને મળ્યા તે સ્થાન પણ દૂરથી બતાવવામાં આવ્યું. બપોરે સાડા ચાર સુધી ઉત્તરકાશીમાં જ કોઈ યોગ્ય ઉતારાની શોધ પૂરી થઈ. ગર્વન્મેન્ટ રેસ્ટ હાઉસમાં ઉતારો થયો. બીજા યાત્રીઓ માટે ૪૦/–રૂાં.નો એક રૂમ ટુરીસ્ટ બંગલામાં મળ્યો. પૂ.શ્રીએ તે ઓરડામાં પોતે વિશ્રામ કર્યો ને પંદર રૂપિયાવાળા રેસ્ટ હાઉસમાં સૌને સરસ સગવડવાળા સ્થાનમાં વિશ્રામ કરવાની સૂચના આપી. યાત્રામાં દરેક વખતે પૂ.શ્રી પોતાનો ઉતારાનો ને ભોજનનો ખર્ચ આપી જ દે છે. એ રીતે આજ સુધીનો એ બધો જ ખર્ચ અપાઈ ગયો છે.

ઉતારા ઉપર આવી પંદર-વીસ મિનિટ આરામ કરી સૌ સાથે પૂ.શ્રી ઉત્તરકાશીમાં ફરવા નીકળે છે. કાશી વિશ્વનાથના મંદિરે સૌ પ્રથમ પૂ.શ્રી જાય છે. જ્યાં પૂ.શ્રી દરરોજ એક સિદ્ધપુરુષ નાગાજીની પાસે આવીને બેસતા તે સ્થાન હજી એવું જ છે. તે સ્થાનના દર્શન કરાવ્યાં. મંદિરમાં શિવલિંગ પાસે પણ પૂ.શ્રી ગયા. થોડી મિનિટો પૂ.શ્રી ત્યાં જ રોકાયા. ત્યાંથી મંદિરની બહાર આવ્યા. જ્યાંથી તેઓ ભિક્ષા લેવા નીકળતા તે સ્થાન બતાવ્યું.

માર્ગમાં પૂ.શ્રીએ કહ્યું : અમે તો અંદર જઈએ એટલે દેવો પ્રત્યક્ષ બનીને વાતો કરે. આજે પણ ચિન્મય બનીને વાતો થઈ. કહ્યું, 'બહુ સારુ થયું આપ આવ્યા તે. આનંદ થયો. યાત્રા ઘણી સારી થશે.'

નાગાજી મારી ઉપર ખૂબ પ્રેમ રાખતા. મૌન રાખતા પણ ઘણીવાર મને મળવા બહાર સુધી આવીને ઊભા રહેતા. આજે નાગાજીને મળીશું જો જીવતા હશે તો. (જો જન્મ ન થયો હોય તો).

એક પ્રશ્નના જવાબમાં પૂ.શ્રીએ કહ્યું, 'નાગાજી સાથે કોઈ

વાતો થતી ન હતી. હું ઓળખું કે તેઓ સિદ્ધપુરુષ છે એના કરતાં એવા સિદ્ધપુરુષો મને ઓળખી કાઢતા. હું પણ સંત હતો જેથી હું એમને દરરોજ સવારે ૯ થી ૧૦ના ગાળામાં મળવા જતો. સ્થૂળ વસ્તુ કશી જ એમને માટે ન લઈ જતો. એ તો સંસારીનું કામ. સંતો શું લઈ જાય ?'

કાશી વિશ્વનાથ મંદિરમાં થઈ પંજાબી સિંધ ક્ષેત્રમાં ગયા. પૂ.શ્રી ત્યાંથી ભિક્ષા લેતા તે સ્થાન પણ બતાવવામાં આવ્યું. વળી ત્યાંથી જડભરતની સમાધિનાં દર્શન કર્યાં. નદીકિનારે તે સ્થાન છે. જેથી તે સ્થાનની પૂ.શ્રી સાથે એક તસ્વીર લેવા પ્રયત્ન કર્યો. તો પૂ.શ્રી કહે : 'હું જ આખો ઈતિહાસ છું. જીવતો ઈતિહાસ છું.'

ત્યાંથી ફરીને ઉતારા ઉપર આવી ગયા. આજે ઉત્તરકાશીમાં આવ્યા ત્યારથી એક પંડિતજી પૂ.શ્રીની સાથે જ હતા. ઉપરના બધા જ સ્થળોમાં તેઓ સાથે જ રહ્યા. છૂટા પડતી વેળા પૂ.શ્રીએ તેમને બક્ષિસ ઉપરાંત તેના પૂત્રને ભણતરની ફીપેટે રકમ આપી. ત્યારે તેમણે કહ્યું, 'આપ તો મારે માટે ભગવાન જ છો.' એમ કહી પ્રણામ કર્યાં.

આજે ઉત્તરકાશી રહેવું કે આગળ જવું એ અંગે પણ પૂ.શ્રીએ પરમશક્તિની મંજૂરી બપોરે બે વાગ્યે માગી લીધી. છેવટે સૌની ઇચ્છા ને અનુકૂળતા મુજબ અહીં જ ઉતારો ચોક્કસ થયો. આ રહી તે મંજૂરી :

'હવે અહીં રહીશું રાતે આપણે, એ સારું રહેશે.

સવારે આગળ વધીશું. હાલ અહીં આજે રાતે રહીશું, સવારે આગળ વધીશું, આજે આગળ નથી જવું.

અહીં આજે રાતે રહીશું. ઉત્તરકાશી બપોરે ૨.૦૦...'

હરિઃૐ, હરિઃૐ, હરિઃૐ

**—શ્રી 'મા' સર્વેશ્વરી**

# ॥ પાર્વતીનું સંપૂર્ણ સમર્પણ ॥

પાર્વતીનું ઈચ્છિત ફળ ધર્મ, અર્થ, કામ કે મોક્ષ નહિ. 'જનમોજનમ શિવપદઅનુરાગા' છે. એ જાણે છે કે શિવ પામવા એ પાણી પર દિવાલ કરવા જેવું, પાંખ વિના ઊડવા જેવું છે. પણ મન હઠે ચઢ્યું છે. તે કહે છે : 'સોનું પહાડમાંથી નીકળે છે પણ પહાડના ગુણધર્મ ત્યજતું નથી. જેટલું બાળશો તેટલું ચમકશે પરંતુ એ બદલાશે નહિ. હું પણ પહાડની પુત્રી છું આપ લાખ કસોટીઓ કરો પણ હું મારી વાત છોડીશ નહિ.'

'નારદજી, આપ કહો છો 'જેનું મન જેની સાથે મળી જાય એને એનું જ કામ !' ને પ્રેમ તો ગુણરહિત છે આપ ભલે કહેતા હો કે 'મહાદેવ અવગુનભવન, વિષ્ણુ સકલ ગુનધામ.' પહેલાં કદાચ આપ મળી ગયા હોત તો આપની વાત માનત. કેમકે હું જાણું છું જે ગુરુવચનમાં વિશ્વાસ ન મૂકે એને સપને પણ સુખ મળતું નથી. પરંતુ હવે તો હું શિવ માટે જીવન હારી ગઈ છું. ત્યાં તેમના ગુણદોષનો વિચાર કોણ કરે ?'

'એક નહિ, કોટિ કોટિ જન્મે પરણીશ તો શિવને જ. નહિતર પોતે કુમારી રહેશે.' આ સાંભળી સપ્તઋષિ બોલ્યા : 'તારી જય હો મા ! જય હો, જય હો. હે કન્યાકુમારી !' અમે તને પુત્રી કહેતા હતાં પણ તું તો જગતનાં માતાપિતા છો.

પણ વળી પાછી એક કસોટી કરવા સપ્તઋષિએ કહ્યું; શંકરે જ્યારે કામને બાળી જ નાખ્યો છે તો હવે લગ્નનું શું કારણ રહ્યું ? આ સાંભળી કન્યાકુમારી બોલ્યાં; 'મહાદેવ-જેમની હું આરાધના કરું છું શું એ વિકારવાળા માણસ હતા ? તમે તો હમણાં જાણ્યું કે તેમણે કામને બાળ્યો. મને તો પહેલેથી જ ખબર છે. જેની સાથે મારે જોડાવાનું છે એ તો સદા-સર્વદા નિર્વિકાર જ છે.'

મેં મનવચનકર્મથી એમની શરણાગતિ કરી હોય તો એ મારી અભિલાષા પૂરી કરશે, મારી ઝોળી ભરે તો એ જ.

છેવટે સપ્તઋષિએ પ્રસન્ન થઈ, હિમાલય પાસે જઈ કહ્યું; 'પુત્રીનાં લગ્ન કરાવી દો.'

—સંકલન

# ॥ 'મા' તપેશ્વરી કરું પ્રણામ ॥

પૂજ્ય 'મા'નાં દર્શન કરીએ, એમની વાત સાંભળીએ, એમને નિહાળીએ, તો એમની સફેદ સાડીના તાણાવાણા માત્ર ને માત્ર સાધના, તપશ્ચર્યાથી વણાયેલા આપણને દેખાય, સમજાય, અનુભવાય.

પૂજ્ય'મા'ની અવિરત ચાલતી નિત્ય સાધના, એમના શ્વાસોશ્વાસ જેટલી સહજ ભાસતી કઠોર સાધનાને નિહાળવાનું આપણને આ જન્મે સદ્‌ભાગ્ય તો સાંપડ્યું છે. પણ તેની સાથે, પૂજ્ય 'મા'ને સતત તપતાં, સતત સાધનારત જોઈને, આપણો અહોભાવ ક્રમશઃ ઉત્કટ થતો જાય છે. અને જરા ધ્યાનપૂર્વક વિચાર કરીએ, પૂજ્ય 'મા'ના જીવનનું નિરીક્ષણ કરીએ, એમની લખેલી 'શ્રી હરિની શબ્દયાત્રા' વાંચીએ તો આપણા અચરજ, અચંબા અને અહોભાવનો પાર નહિ રહે.

પૂજ્ય'મા'ની સાધનાને નિહાળીશું તો એવું લાગશે કે જાણે એમનું પૃથ્વીપટે અવતરણ જ માનવમાત્રને એક જ વાત સમજાવવા, બતાવવા થયું છે. કે સાધનાક્ષેત્રે કોઈ સીમા નથી, સાધના કોઈ સિમીત શિખર નથી, પરંતુ સાધના તો શિવજી સમો એક અસીમ અગ્નિસ્તંભ છે. જેને માપતાં માપતાં દિવસો વર્ષો, જન્મો વીતી જાય.

પણ આજના માનવની સમજ, એની ગ્રહણ કરવાની શક્તિને ગણિતનું માળખું જરૂરી થઈ પડે છે. કલ્પના, ભાવના જેવી શક્તિઓ ક્ષીણ થતી જઈ રહી છે. અને લૉજીક, આંકડાની ભાષા વધુ પ્રચલિત, વધુ આવકાર્ય બની રહી છે.

તો સમર્થ સદ્‌ગુરુ પણ વારે વારે પૃથ્વીપટે એજ કાર્ય માટે પ્રગટતા હોય છે ને. દુનિયાની બદલાતી ભાષા, સંકુચિત માપદંડમાં જ એમના શિષ્યોને તેઓ આદર્શ અધ્યાત્મનો સાર,

સમજાવતા રહે છે. સમય સમય પર શાશ્વત પરમ સત્યનું વિધ-વિધ રૂપમાં, વિધ-વિધ ભાષાઓમાં, પુસ્તકોમાં રૂપાંતર, ભાષાંતર સદ્ગુરુ કર્યા કરે છે. માનવચેતનાને જગાડ્યા જ કરે, ઢંઢોળ્યા કરે છે.

એવા આપણા પૂજ્ય 'મા', માનવદેહની શક્યતા દર્શાવતાં સતત આગળ ને આગળ પગલાં ભરતાં જ જાય છે.

શાસ્ત્રોમા ૧૩ કરોડ જપનું મહાત્મ્ય દર્શાવે છે. ૧૩ કરોડ- એક આંકડો, એક શિખર, એક સીમા. એ સીમા સુધી, એ શિખર સુધી, પૃથ્વીના ૯૯.૯૯% માનવો પહોંચી શકતા નથી. અરે પ્રયાસ પણ નથી, એ શિખરની જાણ, માહિતી સુદ્ધાં નથી. ૧૩,૦૦,૦૦,૦૦૦માં ૭ મીંડા વાંચતા આંખો અંજાઈ જાય છે. તો એ શિખર, માનવજીવનની સાધનાની પરાકાષ્ઠા સમા એ શિખર પરનું ચઢાણ પૂજ્ય શ્રી'મા'એ ૭ ઑગસ્ટ ૧૯૯૫થી શરુ કર્યું. એટલે કે એમના જપની નિયમિત, વફાદારીપૂર્વકની નોંધ શરૂ કરી. ને ૨૦૧૦ સુધીમાં એકધારી લગનથી એ શિખર સર કરી લીધું. પણ 'હવે શું ?' એ જ પ્રશ્ન સ્વને પૂછતા, પૂજ્ય શ્રી'મા'એ ફરી એ આંકડાની ચુનૌતિ સ્વીકારી. એટલે કે ઍવરેસ્ટ શિખર સર કરનાર પર્વતારોહી, ઍવરેસ્ટ પહોંચીને ત્યાંથી જ બીજા એવડા જ પ્રચંડ ઍવરેસ્ટની કૂચ પુનઃ આદરે એવું જ સમજવાનું ને ! અને બીજા ૧૩ કરોડનો આંકડો, એટલે કે કૂલ ૨૬ કરોડનો આંકડો ઑગસ્ટ ૩, ૨૦૨૩માં ઓળંગી ગયાં.

આટલી મોટી સાધનાની સિદ્ધિ એમનું લક્ષ્ય હતું. પણ પૂજ્ય 'મા'ને કદી એનો ભાર ન હતો. સદા પ્રસન્ન પૂજ્ય 'મા' રોજની ૩૩૪ માળા હસતાં, રમતાં, લાખો કાર્યો પાર પાડતાં. જન સમાજને પોતાનો અમૂલ્ય સમય આપતાં, કર્યે જતા હતા. "ટીપે ટીપે સરોવર ભરાય" એ વાતને જીવંત કરી બતાવતા પૂજ્ય 'મા' એ માળાના એક એક મણકે ૧૩ કરોડ તો શું, ૨૬ કરોડે પણ

પહોંચાય ! —એવું સિદ્ધ કર્યું. યુવા શિબિર દરમ્યાન યુવાનોને સમય આપતાં આપતાં, ‘‘ધારો તે કરી શકો’’ વાક્યને સાક્ષાત જીવી બતાવતા ‘મા’એ ૨૬ કરોડ જપ પૂર્ણ કર્યા. અને ‘સાધનાને કોઈ સીમા નથી’ એ વાત પુનઃ સમજાવવા, તુરંત ૨૬ સવા લાખ અનુષ્ઠાન આદર્યાં. જે પ્રભુએ ૨૬ કરોડ જપ કરાવ્યા, એ પ્રભુને ‘ધન્યવાદ’ રૂપે ૨૬ સવા લાખ અનુષ્ઠાનનો એક અર્ઘ્ય ધર્યો.

એટલે એમના જીવનમાંથી કોઈ સાધનાના શિખરોને સીમા ના ‘મા’ની લે. ૨૬ કરોડ જપની અને ૨૬ સવા લાખ જપના અનુષ્ઠાનની પૂર્ણાહુતિ જ્યારે સમીપ આવતી ગઈ, તેવા અરસામાં પૂજ્ય ‘મા’ એ નિયમ પ્રમાણેની ૩૩૪ માળાની સીમારેખાને પણ ભૂંસી નાખી. એક દિવસમાં કેટલી માળા શક્ય છે, એનો જ રોજ એક નવો રૅકોર્ડ સ્થાપતા, ને બીજે દિવસે પોતાનો જ રૅકોર્ડ તોડતા પૂજ્ય ‘મા’એ એક દિવસની ૪૦૦, ૫૦૦, ૬૦૦, ૭૦૦, ૧૦૦૦, ૧૧૦૦, અરે એક દિવસમાં ૧૨૫૦ માળા પૂર્ણ કરી ! એ અરસામાં પૂજ્ય ‘મા’ને નિકટથી જોતા શ્રી શિપ્રાબહેન કહે; ‘‘જાણે એ દિવસોમાં માળા પૂજ્ય ‘મા’ની કોમળ કરાંગુલીઓનું જ એક ‘extension’ એક વિસ્તાર બની ગયેલી.’’ પોતાના લક્ષ્યને સાધવા કેવી લગન, કેટલો કઠોર, એકધારો પરિશ્રમ કરવો પડે છે, કરી શકાય છે, આ સઘળું પૂજ્ય ‘મા’ એ ૨૬ કરોડના આંકડાથી સિદ્ધ કરી બતાવ્યું. અરે ! કોઈ પણ સાહસ કે લક્ષ્ય સાધવા ઉંમર બાધારૂપ નથી એ પણ ૮૦ વર્ષે સાધનાનો વિક્રમ સ્થાપતાં પૂજ્ય ‘મા’એ જાણે દુનિયાને ડંકો વગાડી કરી બતાવ્યું.

ને એવી પ્રેમમયી, તન્મય, એકાગ્રતાથી ચૂર થયેલી માળાઓ, જાપો પછી શું ? માનવજગતમાં કોઈ યુવાનીમાં ખૂબ મહેનત કરી, કરોડપતિ બની જાય પછી શું ? પછી ઘડપણમાં એ માણસ સુખનું આરામનું પૅન્શન મેળવે અને શાંતિથી જીવન

વ્યતીત કરે તો ૨૬ કરોડ લાધ્યા પછી હવે 'મા' એ શું કરવાનું રહે ? આરામ ? માનવજીવનનો, શાસ્ત્રોએ કહેલો સાધનાનો મોટામાં મોટો આંકડો, પૂજ્ય 'મા' એ એક નહિ, બે વાર પાર કર્યો. એથી પણ ઘણી વધારે માળાઓ, જાપો કર્યા, હવે શું ?

હવે, પૂજ્ય'મા'એ સાધના એક અખંડ શક્તિસ્તોત્ર છે, જેને કોઈ એક આકારના બીબામાં ના પૂરાય, એ concept સમજાવવા, એક તદ્દન નવીન સાધના આદરી. પૂજ્ય 'મા'એ ''સાધનાદિન'' અથવા ''સાધના પર્વ'' ઉજવ્યા. સાધનાદિન એટલે શું ? પૂજ્ય 'મા' સવારથી, બ્રહ્મમુહૂર્તથી જ એમની વ્યક્તિગત સાધનામાં લીન બની જાય. કોઈ સાથે વાત નહિ, સ્લેટ નહિ, ઈશારો પણ નહિ. અરે કોઈ સાથે કે કોઈ ઉપર દ્રષ્ટિ પાત પણ નહિ. સ્વમાં મસ્ત પૂજ્ય 'મા' સાધનામાં રત. પૂજ્ય 'મા'નાં દ્વાર ઉઘાડાં હોય. નેત્ર નિમિલિત અથવા તો ઉઘાડાં હોય, ને આપણે એમને ઉઘાડી આંખે જોઈ શકતા હોઈએ. પૂજ્ય 'મા' પાસે એક નાનો કાગળ, એક પેન, એક ટાઈમર હોય. બ્રહ્મમુહૂર્તથી માંડીને પૂજ્ય 'મા' : પ્રણામ, ધ્યાન, પ્રાર્થના, જપ, વાંચન, લેખન, સાથે સાથે પૂજ્ય શ્રી'મા'નું તનુઃ શીર્ષાસન, પદ્માસન, ચાલવાનો વ્યાયામ, દોડવાનો વ્યાયામ, આવા વિવિધ આસનોમાં સાધના કરતાં દ્રષ્ટિગોચર થાય.

પેલા કાગળ, પેન, ને ટાઈમર શા માટે ?

ઘણી ઑફિસોમાં જેટલા વાગે હાજર થાઓ, ને જેટલા વાગે ઘેર જવા નીકળો, તેટલા કલાકની નોંધ, હિસાબ માટે કર્મચારીઓએ "Daily અથવા weekly Report" કે "Minutes of the Meeting" જેવા અન્ય લેખિત માધ્યમમાં આપવાનો રહેતો હોય છે. આ બધા report 'કલાક' કે 'અઠવાડિયા'માં કર્મચારીઓની 'ઉત્પાદકતા કે ફળદ્રુપતા' – productivity માપવામાં ઉપયોગી થતા હોય છે. કોને ઉપયોગી

થાય છે ? બૉસ, મેનેજર, કે કંપનીને.

પણ અહીં પૂજ્ય ‘મા’ને કોઈ બોસ, કોઈ મેનેજર નથી. કોઈને એમણે જવાબ નથી આપવાનો. પરંતુ પૃથ્વીપટેના આ અવતરણ વખતે, એમણે સેકન્ડે-સેકન્ડનો સાધનાત્મક હિસાબ માનવસમાજ સમક્ષ રજૂ કરી, સમયનું મહત્ત્વ, સાધનાની પ્રામાણિકતા દર્શાવવી છે ?

કે આંકડાને productivityમાં અટવાયેલા બાળકોને ૧૦૦% ઉત્પાદકતા/productivity કેવી દેખાય એ દર્શાવવું છે ?

બૉસને નહિ પણ જાણે એમનાં બાળકોને પોતાની સાધનાનો પ્રામાણિક ચોક્કસ હિસાબ આપવા પૂજ્ય ‘મા’ જે ક્ષણથી સાધના શરૂ કરે, તે ક્ષણથી ટાઈમર ‘ચાલુ કે ON’ કરે. પછી જ્યારે સાધનાનું રૂપ બદલાય ત્યારે ત્યારે ટાઈમરનો સમય પેલા નાના કાગળ પર નોંધી લે. ને તે જ ક્ષણથી ટાઈમર ફરી શરૂ થાય. એક સેકન્ડનો પણ વિલંબ, કે વિશ્રામ ના હોય. પૂજ્ય ‘મા’ના શ્રીતનુના જે આસન બદલાય, તે પણ નોંધાય. જેમકે

પ્રભાતે ૫:૧૫ થી ૫:૪૮ પ્રાર્થના,

૫.૫૦ થી ૭.૦૫ પ્રાર્થના સાથે પ્રણામ.

૭.૦૫ થી ૯.૦૫ પદ્માસન સાથે પ્રાર્થના.

૯.૦૫ થી ૯.૩૫ દોડવાના વ્યાયામ સાથે પ્રાર્થના.

૯.૩૫ થી ૧૦.૩૫ ચાલવાના વ્યાયામ સાથે પ્રાર્થના.

૧૦.૩૫ થી ૧૨.૦૦ વાંચન.

૧૨.૦૦ થી ૧.૦૦ જપ.

(ઉપર દર્શાવેલ માત્ર એક sample/દાખલા તરીકે ‘મા’ની સાધનાદિનની દિનચર્યા નિહાળી બનાવ્યું છે. આ પૂજ્ય ‘મા’ની નોંધ માંથી ઉતાર્યું નથી. પૂજ્ય ‘મા’ના દિવસનો ખ્યાલ આવે એટલે લખાયું છે. અસલ વાંચવા પૂજ્ય શ્રી‘મા’ની શ્રી હરિની

શબ્દયાત્રા વાંચવા વિનંતી.)

આ રીતે પૂજ્ય 'મા' પોતાનો આખો દિવસ નોંધતાં જાય, એક સેકન્ડનો પણ વ્યય કર્યા વગર, પ્રભુસ્મરણમાં મગ્ન, પૂજ્ય 'મા' આપણને દેખાય, પણ પૂજ્ય 'મા'ને જાણે આપણે ના દેખાઈએ. પૂજ્ય 'મા' લખે છે : "સાધનાદિનમાં સાધનામાં લીન થઈ જવાય છે, ને દ્રષ્ટિમાન જગત આખું અદ્રશ્ય થઈ જાય છે." પૂજ્ય 'મા' સાધનામાં એમની પોતાની મસ્તીમાં એવા મસ્ત દેખાય કે આપણે આજુબાજુ હોઈએ તો 'મા'ને ખલેલ પહોંચશે એવું લાગે.

રાત્રે પૂજ્ય 'મા' અંતે લેખન કરવા બેસે. એમની આખા દિવસની સાધનાત્મક નોંધ શ્રીહરિની શબ્દયાત્રામાં નોંધાય. ત્યારના એમના મનનો પરમાનંદ, એમના મનનો ભાવ એ સાધનાપર્વને ઉજવતા ડાયરીના પાના પર 'મા' એમના શ્રી હરિ સાથેના દિવ્ય રાસની નોંધ તો કરે. પણ એ દિવ્ય રાસનું સંગીત વાંચનારને શી રીતે સંભળાય ? એની તો આપણે પૂજ્ય'મા'ના ચહેરા પર છલકતા આનંદ, પરમાનંદથી જ કલ્પના કરવી રહે. સાધનાદિનના દિવ્ય અનુભવો, પદો સઘળું કંઈ શ્રીહરિની શબ્દયાત્રામાં પૂજ્ય 'મા' નોંધે છે, ને છેવટે આખા દિવસનો એમની મિનિટ-મિનિટનો, સેકન્ડ-સેકન્ડનો હિસાબ જે એમણે નોંધ્યો હતો પેલા નાના કાગળિયા પર, એને પણ ડાયરીમાં નોંધી જગત માટે Record તૈયાર કરે છે. રાત્રે જ્યારે પૂજ્ય 'મા' આખા દિવસની એકધારી સાધના, અવિરત સાધના, એક ક્ષણના પણ આરામ વિનાની સાધના. ૮૦ વર્ષના શ્રીતનુએ કરેલી આ કઠોર સાધનાનો ભવ્ય હિમાલય આકાર લે છે. ક્ષણ ક્ષણના ટીપાથી બનેલા સાધનાના આ મહાસાગરની અંજલિ પૂજ્ય 'મા' પૂજ્ય શ્રીપ્રભુના ચરણે ધરે છે.

પૂજ્ય 'મા' ક્યારેક આવા સાધનાપર્વ ઘણીવાર એક પછી

એક સાથે કરે છે જેમકે નવરાત્રી ૨૦૨૩, દિવાળી ૨૦૨૩, ને ક્યારેક એક દિવસ પછી અમુક દિવસના બ્રેક પછી કરે, બ્રેક શા માટે ? બાળકો વચ્ચે પૂજ્ય 'મા' હોય, બાળકોમાંથી કોઈને સમય આપવો પડે એવું હોય, કોઈ જાહેર કાર્યક્રમ હોય ને જાહેર સત્સંગમાં હાજરી આપવાની હોય, તેવા દિવસોમાં પૂજ્ય 'મા' સાધનાપર્વ મનાવતા નથી, કોઈ ઊંચા હોદ્દા પર એક માતા હોય, ને ખૂબ ધ્યાનથી ખૂબ અગત્યનું કામ કરતી હોય, પણ જ્યાં બાળક રડે, ત્યાં તરત જ એ કામ મૂકીને બાળકને ઊંચકી લે છે. એવી જ પરિસ્થિતિને પૂજ્ય 'મા'ની સર્જાતી આપણને લાગે, એમની મનગમતી સાધનામાં, અગત્યની સાધનામાં આપણા માટે એ ખલેલ જીરવી લે છે. પ્રભુપ્રેમના મહાસાગરમાંથી આપણા માટે કિનારે આવી જાય છે. પણ પોતાની સાધના, પોતાના નિયમને વફાદાર રહી, પૂજ્ય 'મા' લખે છે કે વરસના અમુક નિર્ધારિત સાધનાપર્વ ઉજવવાનો પૂજ્ય 'મા'નો નિયમ છે. એવું પણ લખે છે કે જનસમાજને જેટલા દિવસ અપાયા, એટલા દિવસ પ્રભુને આપવાનો પૂજ્ય 'મા'ને વિચાર થાય છે, જેમકે ૩ દિવસનો જાહેર કાર્યક્રમ થાય તો, ૩ સાધનાપર્વ ઉજવવા, એવી પણ પૂજ્ય 'મા'ની ઈચ્છા શ્રીહરિની શબ્દયાત્રામાં નોંધાઈ છે.

પ્રણામ 'મા' ખૂબ ખૂબ ખૂબ Thank you Maa, આપના આ સાધનાત્મક સ્વરૂપનાં દર્શન માટે. સાધનાની પરિભાષા સમજાવવા માટે, સાધના શું કહેવાય, કોને કહેવાય એની સતત સમજ અમને આપવા માટે. સદાય પ્રભુપંથે ચાલવા અમને પ્રેરિત કરવા માટે. આપના આ સાધનાના મહાસાગરનાં દર્શનથી, એના અમીછાંટણાના સ્પર્શનથી અમે પણ આ પ્રકાશના પંથે પા-પા પગલી ભરવા પ્રેરાઈએ, પ્રોત્સાહિત થઈએ એ જ પ્રાર્થના.

**–ડૉ. અર્પિતા જોશી**

## ॥ શ્રી'મા' : પૂ.શ્રીયોગેશ્વરજીનું અલૌકિક સર્જન ॥

ગંગાજી માટે કહેવાયું છે કે 'ગંગા બીજું કશું ન કરત અને એકલા ભીષ્મને જન્મ આપત તો પણ આર્યાવર્તમાં માતા તરીકે એ પૂજાત. એમ પૂજ્ય શ્રીયોગેશ્વરજી બીજું કંઈ ન કરત અરે 'પ્રકાશના પંથે' આતમકથા કે જેનું મહિમ્નસ્તોત્ર આજે સ્વર્ગારોહણના કણ-કણમાં ગુંજી રહ્યું છે એ પણ ન લખત તો પણ ચાલત. કેમકે બહુ આકસ્મિક પણ સહજ રીતે યોગેશ્વરજીએ 'મા' સર્વેશ્વરીને પ્રકાશને પંથે સતત ગતિમાન સ્વ-રૂપ તરીકે આપણી રૂબરૂ, આપણી વચ્ચોવચ્ચ જીવંત-સદા સ્ફૂર્તિવંત રાખ્યાં છે. પૂ.'મા'ની પરમ વિભૂતિમત્તાના તેઓશ્રી જાણે વિધાત્રા બન્યા છે.'

આત્મકલ્યાણની પૂજ્યશ્રીએ પેટાવેલી જ્યોત 'મા' પણ જગતકલ્યાણરૂપે પ્રસારી એને દિન-બદિન ઑર દેદીપ્યમાન કરી રહ્યાં છે. પૂજ્યશ્રીના અખંડ સ્મૃતિદીપથી પોતાને જ નહિ, આખા જગતને અજવાસ અર્પી રહ્યાં છે. પૂજ્ય'મા' તો જ્ઞાનેશ્વરની જેમ અતિ વિનમ્રતાથી આપણને પ્રતીત કરાવતાં રહ્યાં છે : 'હું તો સામાન્ય કાગળ છું. મારી કશી જ કિંમત નથી પણ હું મૂલ્યવાન છું કારણ કે મારા પર રાજરાજેશ્વરની મહોર લાગી છે.'

પૂજ્ય 'મા'એ પૂજ્ય શ્રીયોગેશ્વરજીને સદા પ્રભુરૂપે અંતઃકરણે અધિષ્ઠિત રાખ્યા છે હમણાં જ પૂજ્ય 'મા'એ પદની એક પંક્તિ લખી છે : 'હરિની ફરતે સર્વેશ્વરી, સર્વેશ્વરીની ફરતે હરિ !' એટલે પૂજ્ય શ્રીયોગેશ્વરજીનું અલૌકિક સર્જન 'મા' સર્વેશ્વરી. આ સમીકરણ કોઈપણ સાબિત કરી આપે અને સૌ કોઈ સ્વીકારી લે એવું છે.

પણ પૂજ્ય 'મા'ની પરમ ચેતના આજે જે સ્તરે છે, જે

ઊર્ધ્વતમ કક્ષાએ 'મા'નાં મન, વચન-મૌન-કર્મનો વ્યવહાર છે. માનવ્ય અને દેવત્વની અતિ પાતળી-સૂક્ષ્મ ભેદરેખાની જે લગોલગ છે એ નિહાળતાં સર્જક-સર્જનનો દ્વૈતભાવ, કર્તા-કર્તુત્વભાવ ગુરુ-શિષ્ય ભાવ અરે ભગવાન-ભક્તભાવ સંપૂર્ણપણે ખરી જતો, વિલય પામતો દેખાય છે. એને સ્થાને એક 'મધુર અદ્વૈત' એ ઉભય ચેતનાના સમન્વિત સ્વરૂપે અનુભવાય છે. જેમાં પોંડિચેરીના માતાજીના શબ્દોનો પ્રતિઘોષ સંભળાય : 'એમના (શ્રી અરવિંદ) વગર મારું અસ્તિત્વ નથી, મારા વગર એમનો આવિર્ભાવ નથી.'

'ૐ યોગેશ્વરાય નમઃ' મંત્રના ઉચ્ચારણમાં પૂજ્ય'મા'ના હૃદયનો સમગ્ર પ્રેમ-ભક્તિ ઊમટે છે. એ એમને માટે માત્ર નામ નથી, જીવંત પ્રભુની હાજરીરૂપ છે. એટલે એ ઉચ્ચારણ મંત્ર બની જાય છે. 'સ્વર્ગારોહણ'ના કણેકણમાં 'ૐ યોગેશ્વરાય નમઃ' મંત્રજાપ એવા ભળી ગયા છે કે એના સમગ્ર વાયુમંડળમાં પૂજ્યશ્રી હાજરાહજૂર લાગે છે.

'યોગતીર્થ'માં પ્રતિષ્ઠિત પોતાની 'ચેતનાની શાશ્વતી' જો પૂજ્યશ્રીએ નરી આંખે નિહાળી હોત તો શ્રીઅરવિંદની જેમ એ પણ કહેત : 'જો 'મા' ન હોત તો મારું સમગ્ર દર્શન સૈદ્ધાન્તિક જ રહ્યું હોત. 'મા'એ જ એને વ્યવહારુ રૂપ આપ્યું.'

પૂજ્ય શ્રીયોગેશ્વરજી એકાંતમાં રહીને કઠિનમાં કઠિન સાધના દ્વારા 'પ્રકાશના પંથે' સ્થિત રહ્યા. પૂજ્ય 'મા'એ એ પંથ પર ચાલવા માનવજાતિની ચેતનાને તૈયાર કરવાની મહાકઠોર સાધના કરતાં રહ્યાં છે અને પળ પળ પોતાના વ્રત, જપ, તપ, યોગાસન, પ્રણામ, અનુષ્ઠાન, મૌનની અનવરત સિદ્ધિઓનો અ-પૂર્વ ઈતિહાસ રચતાં-રચતાં પ્રેમ અને કરુણાની એવી ગંગા

વહાવી રહ્યાં છે કે, સમગ્ર માનવજાતને પોતાની દિવ્યતાની ઓળખ મળે. આમ એક જ પરમ ચેતનાનાં બે સ્વરૂપ દ્વારા, દ્વૈત દ્વારા બંનેની સાધના એકની સૂક્ષ્મ રૂપે તો અન્યની પ્રગટરૂપે આજે રહી છે.

એટલે પૂજ્યશ્રી અને 'મા'ની ચેતના એક જ છે. બંનેમાં એક જ દિવ્ય ચેતના છે. હા, લીલા માટે આવું દ્વૈત કદાચ આવશ્યક એટલે કોઈ વ્યક્તિને 'મા'માં પૂજ્યશ્રીની ચેતનાનો અનુભવ થાય તો 'મા'ની પાછળ પૂજ્યશ્રી રહેલા છે અથવા પૂજ્યશ્રીનું અલૌકિક સર્જન : 'મા' એમ કહી શકે. પણ બંને અભિન્ન, એકરૂપ છે. એ નિઃશંક.

પૂજ્ય'મા' શ્રીયોગેશ્વરજીને મધ્યસ્થ રાખી, એમને જ બધું સોંપી જે રીતે માનવકલ્યાણરત, હરેક જીવના કલ્યાણ અર્થે યજ્ઞકાર્ય કરી રહ્યા છે એ જોતાં જણાય છે કે, 'છેક શરીરના અંતિમ કોષ સુધીનું સંપૂર્ણ સમર્પણ મનુષ્યદેહે શક્ય છે. 'મા'ના પ્રત્યેક કાર્યમાં-વ્યવહારમાં-પ્રણામમાં પૂર્ણ, અ-શેષ સમર્પણ ક્રિયાન્વિત થયેલું જોઈ શકાય છે.'

પૂજ્ય 'મા'નો સંદેશ-જીવનસંદેશ જ એ છે કે 'જગતમાં જો પ્રભુનો આવિર્ભાવ કરવો હોય તો જગતનો ત્યાગ કરીને અવિરત ધ્યાનમાં જ નહિ, રોજિંદા જીવનમાં ક્ષણેક્ષણે ભગવાન સાથે એકતા અનુભવવાની છે.' અને એટલે જ સ્વર્ગારોહણમાં સાધક તરીકે આવનાર માટે 'મા'એ પ્રભાતવંદનાથી માંડીને રાત્રિવંદન સુધીનું નિયત સમયપત્રક બહુ સ્નેહ-સૂઝપૂર્વક તૈયાર કર્યું છે. ક્ષણ ક્ષણ સાથે પ્રભુસ્મરણને જોડી જીવવાનો 'પ્રેમપંથ' 'મા' જાણે આકારી રહ્યાં છે.

તેથી 'મા' સર્વેશ્વરી : પૂ.શ્રીયોગેશ્વરજીનું અલૌકિક સર્જન

એમ કહી કર્તા-કૃતિને અલગ કલ્પવાથી જેમાં સંપૂર્ણ અદ્વૈત છે ત્યાં દ્વૈતતત્ત્વનો અણસારો આવી જાય છે. વસ્તુતઃ આ એક એવો ચૈતન્યનાતો છે જે જીવ-જીવ વચ્ચેનો નહિ, કે શિવ-જીવ વચ્ચેનો નહિ, એક શિવતત્ત્વનો બીજા શિવતત્ત્વ સાથેનો છે. જે ઈશ્વરી અનુગ્રહનું સીધું પરિણામ છે. કારણ કે ઈ.સ.૧૯૭૯માં અંબાજીના મંદિરમાં શ્રીયોગેશ્વરજીએ 'મા' જગદંબાની સંનિધિ માટે પ્રાર્થના કરેલી ત્યારે જગદંબાએ 'સાધારણ રૂપમાં સેવા કરવા હું પોતે જ સ્થૂલ રૂપ ધરી આવીશ.' અને સમાંતરે 'મા' સર્વેશ્વરીએ પણ પ્રભુ પાસે પ્રભુદર્શન પ્રાર્થેલું એટલે જ પૂજ્યશ્રી એમના જીવનમાં પ્રભુરૂપે પધાર્યા. 'મા' સર્વેશ્વરીના તન-મન-અંતરમાં હરિ એવા અધિષ્ઠિત રહ્યા કે 'હરિની હતી, હરિને વરી' એવો નિશ્ચિત ભાવ 'મા'એ અનુભવ્યો-ગાયો.

પછી તો ઈ.સ.૧૯૭૯ થી ૧૯૮૪ સુધીનો કેવળ સાડાચાર-પાંચ વર્ષનો એ ઉભયનો અનન્ય ચૈતન્યનાતો કંઈક એવું સિદ્ધ કરી ગયો કે, અહંકારરહિત આત્મઐશ્વર્યથી છલકતો પ્રેમ અધ્યાત્મના ઉચ્ચતમ શૃંગે આરોહી એ બે આત્માઓને તો ધન્ય કરી જ ગયો પણ સમગ્ર અધ્યાત્મજગત માટે શુદ્ધ, પવિત્ર, મંગલ ને દિવ્ય પ્રેમની એવી મિસાલ મૂકી ગયો કે 'મધુર-અદ્વૈત'નું એ પ્રતિષ્ઠાન બની ગયો. એ પવિત્ર પ્રેમહુતાશનમાં ન હતો કદી સ્ત્રી-પુરુષભાવ, ન હતો મમત્વનો દ્વૈતભાવ. બંને હૃદયોએ જાણે પરમાત્માપ્રીતિ અનુભવવા અને જગતને એની ઝાંખી કરાવવા જ ભેખ લીધો હોય એમ સતત વ્રત-તપ-જપ-જાપ-અનુષ્ઠાન, યોગ, ધ્યાન, સમાધિથી, ભક્તિ, કર્મ, જ્ઞાનની ત્રિવેણીમાં નિમજ્જિત રહી જિજ્ઞાસુઓને-વ્યવહારજગતને પ્રવચનો, શિબિરો, લેખન, ભજનો વગેરેથી અજવાળતા ગયા.

ભોગની લાલસાથી સંપૂર્ણ રહિત, ત્યાગના અહંકારથી અલિપ્ત, અપૂર્વ સંયમશ્રીથી સદા સોહતો આ અધ્યાત્મનાતો ભારતમાં જ નહિ, ઝામ્બિયા, કૅનેડા, લંડન, અમેરિકા વગેરે દેશોમાં પણ આત્મજાગૃતિની સુગંધ પ્રસારતો ગયો, આજે પણ એનો પ્રભાવ અકબંધ-અક્ષત છે.

આ સાદાસીધા છતાં પરમ રહસ્યમય અધ્યાત્મનાતાના શ્રીગણેશ મંડાયા સૂરતમાં (ઈ.સ.૧૯૭૧માં) પૂજ્ય 'મા' સર્વેશ્વરી કે જેમનું પૂર્વાશ્રમનું નામ સરોજ હતું એ સૂરતની સાધના સ્કૂલમાં આચાર્યાપદે હતાં તેમણે વર્તમાનપત્રમાં શ્રીયોગેશ્વરજીના વ્યાખ્યાનની જાહેરાત વાંચી અને એમને સાંભળવા ગયાં. પૂજ્યશ્રીની અમૃતવાણીનો એવો પ્રભાવ એમના પર પડ્યો કે એ ક્ષણથી જ 'મા'એ એમને ગુરુપદે સ્થાપી દીધા. અરે ! ઘરના મંદિરમાં પ્રભુપદે પ્રતિષ્ઠિત કરી દીધા. આ અનુભૂતિ 'મા' પોતાના એક પદમાં સરસ વર્ણવે છે :

'શું રે મળ્યું મને શું રે મળ્યું સદ્‌ગુરુ પાસેથી મને શું રે મળ્યું ગુરુના ચરણે સઘળાં શાસ્ત્રો, પુરાણો, વેદની ઝાંખી અડસઠ તીરથ સંત સ્વરૂપે પ્રભુ પોતે પધાર્યા પ્રતિકૂળ પવન વહાલે વશ કરી લીધો સ્થિર કરી જીવનનાવડી.' આ પછી તો મંત્રજપનાં સતત અનુષ્ઠાનો થવા માંડ્યા. અઢી મહિના પાશેર દૂધ પર રહ્યાં 'મા'. આખી નવરાત્રિ પાણી પર કરી. સવા લાખ જપ થયા. આખી-આખી રાત દેવસ્થાન પાસે બેસી સતત આંસુ સાથે પ્રાર્થના થતી 'મા' લખે છે તેમ, 'આંસુડાંની ધારેધાર અહર્નિશ આંખમાં !' સવારે પાંચ વાગે ત્યાંથી ઊઠીને, સ્નાન-પૂજા કરી સ્કૂલે જતાં. સ્કૂલમાં ય સતત ભજનો લખાતાં જેવાં કે,

'પ્યાલી પીને થઈ મસ્તાની
કોઈ વાટ ન જુએ મારી'

એટલે પગાર લેતાં 'મા'ને દુઃખ થતું. બે-ત્રણ વાર રાજીનામું આપવાની કોશિશ કરી પણ સંચાલકોએ એમ કહીને ના પાડી 'તમારું સંસ્થામાં હોવું સંસ્થાનું સદ્‌ભાગ્ય છે.'

વેકેશનમાં 'મા' નિયમિત મોટાના મૌનમંદિરમાં જતાં. જતાં પહેલાં પત્ર દ્વારા પૂજ્યશ્રીના આશીર્વાદ માગતા. પૂ.શ્રી અચૂક પત્ર લખતા. અને 'મા' ટપાલ આવવાના સમયે દ્વારે જ ઊભાં રહેતાં રખેને પૂજ્યશ્રીનો પત્ર નીચે પડી જાય ! એ પત્રો પૂજ્યશ્રીના સ્વરૂપને અર્પણ કરીને જ વાંચવાનો !

પૂજ્યશ્રીને મળ્યા પછી પદ લખેલું 'મા'એ :

'અરે કોઈ શ્યામલ જોગીને જઈને કહેજો
જોગણ વાટડી જુએ.'

આ પછી પૂજ્યશ્રીના દરેક પ્રવચન, શિબિરમાં જવાનો 'મા'નો નિયમિત ક્રમ થઈ ગયો.

એક દિવસ 'મા' મોરબીની શિબિરમાં ભાગ લેવા સુરતથી એક જોડી કપડાં લઈ નીકળ્યાં. ટ્રેનમાં મણિનગર સ્ટેશન આવતાં પૂજ્ય શ્રીયોગેશ્વરજીને હૃદયનો હુમલો આવ્યાના સમાચાર જાણ્યા ને 'મા' ત્યાં જ ઊતરી જઈ સીધાં પૂજ્યશ્રીને જ્યાં દાખલ કરેલા એ વિવેકાનંદ હૉસ્પિટલમાં ગયાં. અને ગુરુસેવા માટે રોકાઈ ગયાં. સૂરત સાધના સ્કૂલમાં પોતાનું રાજીનામું ટપાલ દ્વારા મોકલી દીધું અને પિતાજીને પણ પત્ર દીધો કપૂરામાં ! નોકરીત્યાગ, ગૃહત્યાગ અને સંસારત્યાગ એક ઝટકામાં થઈ ગયો. ત્યાગ કરવો ન પડ્યો, થઈ ગયો. સર્વસમર્પણની ઘડી જેવી આવી કે વધાવી લીધી ! કેવી અનન્ય શ્રદ્ધા, સાહસ અને નિર્ભયતા અને નિર્ફિકરાઈથી 'મા' લખે છે :

'ઝુકાવ્યું જીવન મારું રે પ્રભુજીના પંથે
નિંદા ટીકા ભલે થાય સ્વજનો વળી છોડી જાયે
જે થવાનું હોય તે થાયે રે પ્રભુજીના પંથે.'

આ મહાભિનિષ્ક્રમણ બુદ્ધ જેવું જ. સમજણ પ્રગટી કે જીવવાનું શરૂ કરી દીધું. મુલત્વી રાખવાની વાત જ નહિ. પૂજ્યશ્રી પણ આ અંગે અતિ પ્રસન્ન થઈ લખે છે : 'સાક્ષાત જગદંબા જ મારી સેવા કાજે સ્વયં પધાર્યાં ! શાળા છોડી 'મા' સંસારની મહાશાળામાં સ્કૂલના સીમિત નાનાક્ષેત્રને છોડીને વિશાળ સેવાક્ષેત્રમાં પ્રવેશ્યાં !'

પૂ.'મા'એ પદ લખ્યું :

'લીલા સરજી મને પાસે બોલાવી
જીવનમરણની બાજી ખેલી.
કૃપાની ધારે રેલી
પીયૂષની પ્યાલી રે પ્રભુજીએ પાઈ.'

'મા'ની અહર્નિશ સેવાથી પૂજ્યશ્રી રોગમુક્ત બન્યા. પુનઃ સ્વાસ્થ્ય પામી સૌથી પહેલો વિચાર 'મા'ના રહેવા અંગે પૂજ્યશ્રીએ કર્યો. નારણપુરામાં સકલ ઍપાર્ટમેન્ટ 'સત્યપથ' લીધું. પૂ.'મા'નું આધ્યાત્મિક ઘડતર હવે સવિશેષરૂપે થવા લાગ્યું. ૧૯૮૦ થી ૮૪ દેશ-વિદેશની કેટલીય યાત્રાઓ, પ્રવચનો, શિબિરોમાં 'મા' પૂજ્યશ્રી સાથે જ રહ્યાં. લગભગ દરેક (પૂ.શ્રીના) પ્રવચનની પૂર્ણાહુતિ 'મા'ના ભજનથી થતી. 'મા'ની રોજની ડાયરીમાં પૂજ્યશ્રીની ઝીણામાં ઝીણી વિગતની સૂક્ષ્મ નોંધ 'મા' રાખતાં જેનું સુફળ આપણને આજે 'યોગેશ્વરકથામૃત'રૂપે પ્રાપ્ત થયું છે.

પૂજ્યશ્રીનાં 'મા' જ્યોર્તિમયીની બીમારીમાં 'મા'એ જે સેવા

કરી એને માટે એમણે જ લખ્યું છે : 'સગી દીકરી પણ ન કરે એવી સેવા સરોજે કરી.'

૧૯૮૪ની ૨૫ માર્ચ સુધી પૂ.'મા' પૂજ્યશ્રીની પરમ સંનિધિમાં રહ્યાં. પૂજ્યશ્રી બ્રહ્મલીન થતાં થોડાક મહિના તો પૂ.'મા' પ્રભુવિરહમાં એવાં ઝૂરી રહ્યાં જાણે કૃષ્ણવિરહમાં મીરાં ! અનશન સહજ થઈ ગયું. 'પ્રભુની ઈચ્છા હશે ત્યારે આવીને કોળિયો ભરાવશે.' એવી જાતનિરપેક્ષતા આવી ગઈ. (મા-પૂજ્યશ્રીની સંનિધિના સદ્ભાગી સાક્ષીઓ કહે છે : 'પૂજ્યશ્રી જમવા બેસતી વખતે પહેલાં 'મા'ને પીરસતા અને પછી ખાતા' આવો પ્રેમભાવ જેણે અનુભવ્યો એ 'મા' માટે વજ્રલેપ બની જાય છે. એનાથી ઓછું એમને ખપે જ શી રીતે ?)

આ પૂ.'મા'ને ૧૯૭૮માં ૧૯ જાન્યુ.ના રોજ દક્ષિણ ભારતની યાત્રામાં શ્રી શૈલ પર્વત પર મલ્લિકાર્જુનના સુંદર-શાંત સ્થળમાં ઈશ્વરના અનુગ્રહથી વગર માગ્યે દીક્ષા મળી. પૂજ્યશ્રી કહે છે તેમ, 'એમના સંસ્કારોનો સમુદય થવાથી એમને કોઈ પણ પ્રકારના પૂર્વસંકલ્પ કે કોઈપણ પ્રકારની પૂર્વયોજના વિના દીક્ષા આપવાનો અવસર ઉપસ્થિત થયો. જીવનના આધ્યાત્મિક વિકાસનું કલ્યાણકાર્ય એ પછી આપોઆપ થવાનું હતું.'

(એ પવિત્ર તીર્થસ્થાનમાં મેં એ અસાધારણ સંસ્કારસંપન્ન આત્માને અંતરના અંતસ્તલમાંથી આશીર્વાદ આપ્યા પછી મારું ધ્યાન એમના પ્રત્યે અધિક ખેંચાયું.)

પ્રેરણાનો નવો પ્રેરક પ્રાણવાન પ્રવાહ પેદા થયો. એ પ્રવાહ અલૌકિક, અખૂટ ને અદ્ભુત હતો. એ પ્રવાહે એમને સંજીવનીશક્તિ પ્રદાન કરી.

ન દીક્ષા કોઈએ માગી ન કોઈએ આપવાનો સંકલ્પ કર્યો

અને છતાં દીક્ષા અપાઈ-લેવાઈ !—આ શું સૂચવે છે ? 'મા' અને પૂજ્યશ્રીનો નાતો અ-લૌકિક, દિવ્ય, અનુપમ ચૈતન્યનાતો હતો. એમાં 'મા' વિનમ્રતાથી પોતાને ભક્ત ને યોગેશ્વરજીને 'ભગવાન' જગત ગુરુશિષ્યારૂપે જુએ એમ ચાહે છે. પણ એક દિવ્ય-અલૌકિક ચેતનાનું બીજી દિવ્ય ચેતના સાથેનું આ સાયુજ્ય છે, જે પ્રભુનિર્મિત છે.

પ્રભુએ તો આ સાયુજ્ય રચ્યું. પણ સહજભાવે જે સાયુજ્ય રચાઈ ગયું એનો આદર, એની પ્રતિષ્ઠા 'મા' જે રીતે, જે ભાવે કરે છે અને પળ-પળ પ્રભુના એ ઋણને સ્મરી, અનન્ય કૃતજ્ઞભાવથી પ્રભુને અંગત સાધનાના સતત ઊંચા ચઢતા ગ્રાફથી પરમ વંદના કરે છે અને એની સમાંતરે પ્રભુસર્જિત સૃષ્ટિના અંશેઅંશનો જે રીતે સમાદર કરે છે, સૃષ્ટિના કણ-કણમાં રહેલી દિવ્યતાને જાગૃત કરવા-સ્ફુટ કરવા જે મથામણ કરે છે. એ સંપૂર્ણપણે લૌકિક-નરી આંખે જોઈ શકાય એવી પ્રગટ ઘટના છે.

'મા' દિવ્ય છે, અલૌકિક છે, અનુપમ છે એમ કહી એમને મૂર્તિની જેમ એક સ્મૃતિગોખલામાં પ્રતિષ્ઠિત કરી દેવાં એના કરતાં એમની જિવાતી પ્રત્યેક ક્ષણને જોઈ-સમજી-ઓળખી, એને લૌકિક, આપણા જેવા જ પણ 'પોતાના આત્માની અખૂટ સંભાવનાનું ઐશ્વર્ય પ્રગટ કરતા સાધારણ જીવ તરીકે જોઈએ ત્યારે એમની અસાધારણતા-દિવ્યતા કે અલૌકિકતાનાં દર્શન આપણને વિશેષ થાય છે.'

'મા' જે રીતે આબાલવૃદ્ધ સાથે સંપર્ક રાખી રહ્યાં છે. એમાં દરેક જિજ્ઞાસુની દરેક પ્રકારની ચિંતા-સમસ્યા અત્યંત સમભાવ અને કરુણાથી જાણી-સમજી એમને એમાંથી મુક્ત કરવા મથે છે. —સરળ બોધ દ્વારા, પ્રાર્થના પ્રણામ જેવી સરળ પ્રભુવિજ્ઞપ્તિ

દ્વારા ! ક્યારેક કડક શિક્ષક થઈ ઉપાલંભ દ્વારા પણ જિજ્ઞાસુને ટપારે. જરૂર પડે ત્યાં બુલડોઝર ફેરવી દેતાં ય અચકાય નહિ, દંડો ઉગામેલો જ રાખે. સાવરણીથી કચરો કાઢતાં જ રહે, 'મા' જ કહે છે તેમ, 'ભક્તના હૃદયમાં જરાક તિરાડ જોઈ કે 'મા' સાપોલિયાની જેમ એમાં સરકી જાય.' ભક્તના હૃદયમાં જરાક જેટલો અવકાશ જોતાં 'મા' પોતાનું સ્થાન જમાવી દે છે.

જેવો જિજ્ઞાસુ તેવો 'મા'નો બોધ. તેવી 'મા'ની ભાષા. આશય એકમાત્ર એના ઉદ્ધારનો, એની પ્રભુમાર્ગે ગતિ વધારવાનો ! કોઈને ચૉકલેટથી, કોઈને બિસ્કિટથી, કોઈને નોટબુક, કોઈને પેનથી, કોઈને અન્ન-વસ્ત્ર-રહેઠાણથી તો કોઈને સ્લેટ પર સતત વહેતી શબ્દગંગાથી કોઈને પાસે બેસાડી, કોઈને બહાર રાહ જોતાં રાખી, કોઈને ફોનથી તો કોઈને પત્રથી –'મા' પોતાની રીતે રિઝવી સંસારમાં રહેવા છતાં સંસારથી અલિપ્ત રહેવાની કળા શીખવાડી દે છે. બહિર્મુખતા ઘટાડી અંતર્મુખ થવાની પ્રેરણા અર્પે છે. દુન્યવી-ભૌતિક બાબતોમાંથી ઊઠાવી ધીમે-ધીમે પ્રભુમયતા વધારે છે. હા, સાંસારિક ફરજો, વ્યાવસાયિક કર્તવ્યો, પ્રાપ્ત કર્મોને સારામાં સારી રીતે અદા કરવા પણ 'મા' સતત આપણને પ્રોત્સાહિત કર્યા કરે છે. 'મા'એ જિજ્ઞાસુઓનો એક એવો પણ વર્ગ ઊભો કરી દીધો છે જે 'મા'ની ઉપસ્થિતિમાં જ નહિ, એમની અનુપસ્થિતિમાં પણ અન્યથા વર્તી શકતો નથી. 'મા'ના સૂક્ષ્મ પ્રેમનો પ્રભાવ જબરજસ્ત છે. 'મા' ભક્તોને સ્થૂળ સંનિધિ માટે નહિ, સૂક્ષ્મ ચૈતસિક સંનિધિ માટે સતત પ્રેરે છે.

જેને જેમાં શ્રદ્ધા છે એ ઈષ્ટમાં એની શ્રદ્ધા બલવત્તર કરવાના જેટલા ઉપાય થઈ શકે એ સર્વ 'મા' કરે છે. ભૂલથી પણ શ્રીયોગેશ્વરજી કે પોતાના નામનું સ્ટીકર એ લગાડવાની

કોશિશ નથી કરતા. જેના અંતરમાં જેને માટે ભાવ ઊગ્યો હોય એનો એ સંપૂર્ણ આદર કરે છે. અને એટલે જ સ્વર્ગારોહણમાં પૂજ્યશ્રી 'પ્રકાશના પંથે'નું સન્માન થાય એટલું જ શ્રીરમણની 'અરુણાચલસ્તુતિ'નું પણ થાય !

'મા' 'કલાસ' માટે ય મથે છે ને 'માસ' માટે ય મથે છે. ક્લાસ અહંકારથી પીડાવા ના માંડે. એટલે એમને માટે સતત આત્માનુસંધાન અને માસ લઘુતાગ્રંથિનો શિકાર ન બને એ માટે પ્રભુ-અનુસંધાનની અલગ-અલગ યુક્તિઓ દર્શાવે છે. સાક્ષર હોય કે નિરક્ષર 'મા'ના દરબારમાં સર્વ સમાન છે. એ જેટલું કલમનું ગૌરવ કરે એટલું જ કોદાળીનું કરે ! અરે ! જેટલું ગૌરવ વૃક્ષ-વેલી-ફૂલ-પાનનું કરે એટલું જ ગૌરવ પશુ-પંખી-કીડી-મંકોડા કીટાણુનું પણ કરે.

'મા'ની પરમ ચેતનામાં જ્ઞાન, ભક્તિ અને કર્મ-પ્રભુપ્રાપ્તિના આ ત્રણે માર્ગોનું અદ્‌ભુત રસાયણ થઈ ગયેલું જોવા મળે છે. એ ધારે ત્યારે શંકરાચાર્ય (વેદાંતના અદ્વૈત માર્ગના) ધારે ત્યારે શ્રીકૃષ્ણ (અર્જુનને કર્મણ્યેવાધિકારસ્તે) અને ધારે ત્યારે મીરાં (સમર્પિત ભક્તિનું મૂર્તિમંત સ્વરૂપ) બની શકે છે. અને આ સર્વ રૂપો પાછળ છલોછલ પ્રેમની ભાગીરથી તો વહેતી જ હોય. પરિણામે શુષ્ક પાંડિત્યને બદલે જડ વિદ્વત્તાને બદલે રસમય અધ્યાત્મની આબોહવા સર્જી 'મા' સર્વેશ્વરી જાણે રસેશ્વરીરૂપે ભક્તોના હૃદયમાં અનવરત આહ્‌લાદવર્ષણ કરી રહે છે. દરેકને એવી આત્મીયતા લાગે કે, ''મા' તો મારાં જ છે.' હકીકતમાં આ 'મા' તો કોઈનાં નહિ, કેવળ પ્રભુનાં જ છે.

શું સત્યપથમાં કે શું સ્વર્ગારોહણમાં દીપ, અગરબત્તી, આરતી, ઘંટનાદ, સેવા-પૂજાના કર્મકાંડોને બદલે જગતના સર્વ

કષાયો-કટુતાને ઓગાળી નાખતી શાંતિ, પારાવાર શાંતિનો અનુભવ થાય છે. જગતના સઘળા ઘોંઘાટ, કોલાહલ પછી તે પૈસા, પદ, પ્રતિષ્ઠા, સ્પર્ધા, કૂડ-કપટ, દંભ-આડંભર, મલિન વ્યવહાર ગમે તે ના હોય આ પુણ્યભૂમિની બહાર બૂટ-ચંપલની જેમ જાણે ઊતરી જાય છે. અને પરમાત્માપ્રીતિના સૂર સંભળાવા માંડે છે, ભીતર એનો જ પ્રતિઘોષ સંભળાય છે. ચંચળ ચિત્તના ઉધામા શાંત થઈ જાય છે. રોગી કે ભોગી શરીરોમાં જાણે યોગ તત્ત્વ, સંચરવા માંડે છે. ચોતરફ સ્થૂળ લેવડ-દેવડમાં રાચતો સંસાર અહીં શક્ય એટલું અર્પવા-સમર્પવા આતુર બની જાય છે એટલે 'તેન ત્યક્તેન ભુંજીથાઃ'નો ઉપનિષદ્-મંત્ર અહીં આવનાર આત્મસાત્ કરતો થઈ જાય છે. 'જે પરમ પ્રિયને ત્યાગે એ પ્રભુને પામે' એ આ ભૂમિનો મુદ્રામંત્ર છે.

અહીં આવનાર જિજ્ઞાસુઓ વચ્ચે પરસ્પર પ્રેમભાવ સ્થપાય. કેવળ પ્રભુપ્રીતિવૃદ્ધિ અર્થે ઊભા થતા સંબંધો અંગત વ્યવહારરૂપ ન લઈ લે એ વિશે 'મા' બહુ જાગૃત અને સાવધાન રાખે છે. એક સંસાર છોડીને અહીં આવતા જીવ અન્ય સંસાર રચી ન બેસે એ માટે 'મા' બહુ જ સાવધાની રખાવે છે.

'મા'ને જે શિસ્ત અભિપ્રેત છે વાણી-વર્તન-વ્યવહારનું એ સર્વનું ધીમેધીમે આંતરશિસ્ત બની જાય છે. 'મા'ની સંનિધિમાં ક્યાંય ગરબડ, કોલાહલ નહિ મળે. એક હૃદયસંવાદની મધુરિમા અહીં અનુભવાય છે. સુઘડતા, સ્વચ્છતા, પવિત્રતા સત્યપથ ને સ્વર્ગારોહણમાં મંગલમયતાના પર્યાય બને છે. આંતર-બાહ્ય શુદ્ધિ અહીં કેન્દ્રમાં રહે છે.

અહીં સમયના પ્રત્યેક ખંડનું યોગ્ય સન્માન કરવામાં આવે છે. આળસ, પ્રમાદ, નિરર્થક ટોળટપ્પાંને બિલકુલ અવકાશ ન

રહે એવું સમયપત્રક 'મા' સ્વયં તૈયાર કરે છે અલબત્ત એમાં ઋતુ-અનુકૂળ ફેરફારો કરી 'મા' લાગણીશીલતાનું દ્રવ્ય એમાં ઉમેરે છે. જોર-જુલમ કે જબરજસ્તીથી નહિ પણ સમજણભર્યા નિયંત્રણનો 'મા' આગ્રહ એટલા માટે રાખે છે કે જેથી મનને છટકબારીનો આશ્રય ન લેવો પડે !

સ્વર્ગારોહણમાં પ્રભાતવંદનાથી માંડીને રાત્રિવંદના સુધીની 'મા'ની મુકરર મંગલ યોજના દ્વારા પ્રભુ આપણી આસપાસ-આજુબાજુ સર્વત્ર-સર્વદા છે. એની ઉપેક્ષા કરીને માનવીએ કશું કરવાનું નથી. સતત કૃતજ્ઞભાવ પ્રભુ પ્રત્યે છલકતો રહેવો જોઈએ. એ 'મા'નો પ્રેમાદેશ છે.

એક ખાસ વસ્તુ 'મા'ની પુણ્ય સંનિધિમાં આ પુનિત સ્થળમાં યાદ રાખવાની છે, અન્ડરલાઈન કરવાની છે અને તે એ કે, અહીં કોઈ વ્યક્તિ કે વિભૂતિ કેન્દ્રસ્થાને નથી પછી એ પૂજ્યશ્રી કે 'મા' કેમ ન હોય ! એ તો 'પ્રભુના પરમ પ્રતિનિધિઓ' છે. અહીં કેવળ પ્રભુ મધ્યબિંદુ છે, એ જ કેન્દ્રમાં પ્રતિષ્ઠિત છે. 'મા'ને પૂજ્યશ્રી પ્રભુનાં પ્રતીક છે, સમગ્ર નહિ. આ સત્ય દરેકના હૃદયમાં સ્થિર-પ્રતિષ્ઠિત કરાય છે. એટલે આપણે પણ આ બે પરમ પૂજ્ય પુણ્યશાળી પવિત્ર સંતોનો સ્થૂળ પ્રચાર કરવાને બદલે એમનું ગૌરવ ઓછું કે ઝાંખું કરવાને બદલે એ ઉભય મહાન આત્માઓનો-પરમ ચેતનાનો ચૈતન્યપ્રસાર થાય એ માટે સજાગ રહેવું જોઈએ. જો પૂ.'મા' 'પ્રભુ' અને 'પ્રભુના પ્રતિનિધિ કે God appointed secretary' વચ્ચેની પાતળી ભેદરેખા કદી ઓળંગતાં ન હોય, સર્વ પ્રકારનો યશ કેવળ પ્રભુને જ સતત સમર્પતાં હોય, પ્રભુને જ ખો આપેલો રાખતાં હોય 'માને શું ?' એ ધ્રુવવાક્ય પર સ્થિર રહેતાં હોય તો આપણે પણ સ્થિર અને સ્વસ્થ

ચિત્તે ગુરુઓનો પરમાદર કરી વિવેક અને ઔચિત્યપૂર્વક વર્તવું જોઈએ એ આપણી જવાબદારી બની જાય છે.

'મા' કદી અમે-તમેની ભાષા નથી બોલતાં સતત આપણે કહી આપણને એમની સાથે રાખવાનું અપૂર્વ ઔદાર્ય દાખવે છે- આપણી આત્મશ્રદ્ધા દૃઢ કરવા તો આપણે એમનો લાભ અવશ્ય લઈએ પણ ગેરલાભ ન લેવાય એની કાળજી રાખીએ.

પશુઓ-પંખીઓ, વનસ્પતિસૃષ્ટિ, જીવજંતુઓ પરત્વે 'મા'નું સંવેદનસખ્ય પણ પ્રસંગે-પ્રસંગે તાદશ થતું, સહજ પ્રગટતું જોઈ શકાય છે. અરે પૂ.'મા'ના પુનિત પ્રેમ જળછંટકારથી ઈંટ, લોખંડ, ચૂના, પથ્થર, લાકડાં જેવા નિર્જીવ ગણાતા પદાર્થો પણ સ્વર્ગારોહણના પરિવારના સભ્ય થઈ જાય છે. એની કરુણા જ ન્યારી છે. એક યહૂદી કહેવત છે ને, 'ઈશ્વર સદેહે બધે પહોંચી શકતો નથી એટલે એ માતાને પૃથ્વી પર મોકલે છે.' એની પૂર્ણ પ્રતીતિ 'મા' સર્વેશ્વરીમાં થાય છે. કેમકે સૃષ્ટિના કોઈ કરતાં કોઈ તત્ત્વની સહેજ પણ ઉપેક્ષા-અવહેલના તો નહિ જ પણ પ્રત્યેકનો સમાદર એ 'મા'ના સહજ પ્રેમની સાચી પરણિતિ છે. હવે તમે જ કહો જે પરમ શક્તિ સૃષ્ટિના રચયિતામાં, સૃષ્ટિના સઘળા અંશોમાં 'પરમ પ્રભુ'નાં દર્શન કરતાં રહી આપણને એ દર્શનદીક્ષા અર્પવા જ સતત પ્રયત્નશીલ રહે એ સાક્ષાત 'મા' સર્વેશ્વરી અને એ જ શાશ્વત સત્યની સિદ્ધિ કરવા જેમણે જન્મ ધારણ કરેલ એ પૂ.શ્રીયોગેશ્વરજી વચ્ચે સર્જક-સર્જનનો કોઈ ભેદ ટકી શકે તેમ છે ખરો ?

'મા' અને પૂજ્યશ્રી એક જ અભેદમાર્ગનાં યાત્રી છે. અને આપણા ભેદભાવોને ઓગાળી આપણા સર્વને પણ પ્રભુપંથે

પ્રેમપૂર્વક લઈ જનાર 'પ્રભુના ખેપિયા' છે. આપણે સૌ એમને વારંવાર પ્રણમી, એમનામાં અપરંપાર શ્રદ્ધા રાખી, એમના સમર્થ જહાજ સાથે આપણી તૂટેલી-ફૂટેલી નાવ જોડી દઈએ અને પ્રાર્થીએ : 'તમે મારું કરશો પાર જહાજ' અથવા 'અમારી નૈયા પાર કરો ન કરો તમારી મરજી.' હરજી અમે તો લઈ ઊભાં એક અરજી અરે મીરાં કહે છે તેમ 'ઊભાં થઈને અરજી !'

મહાકવિ ભવભૂતિ કહે છે : 'સતાં સદ્ભિઃ સંગઃ કથમપિ હિ પુણ્યેન ભવતિ।' સજ્જનોનો સજ્જનો સાથેનો સમાગમ કોઈક પુણ્યના બળે અને કેમે કરીને થાય છે. એ પુણ્ય એ બે સજ્જનોનું કે બે ચેતનાઓનું જ નહિ, માત્ર ભારતનું જ નહિ, સમગ્ર વિશ્વનું !

દ્વૈતનાં જોડકાં પાછળ અદ્વૈતનો જ સંચાર હોય છે. સાચા સાધકને આત્માનુભવીની ઓળખાણ ઝટ થાય છે. એના પર વરસે જ છૂટકો થાય છે. પણ સાધક જીવવા ન માંડે ત્યાં સુધી ગુરુકૃપા સક્રિય બનતી નથી. જીવવા માંડો તો આત્માનુભવીને અડવાણે પગે દોડતા આવવું પડે.

અભીપ્સા જાગી કે પૂર્તિની સગવડ છે જ. પછી તો સંતો છે ને તમે છો. એ તમને સંભાળશે. સંતોનો સાધકોને આ કોલ છે. વ્યક્તિ કેવળ પ્રતીક છે. એ આપોઆપ ખરી પડે છે. જેમ સરિતા સાગરમાં જઈ ભળે પછી એનું નામ સરિતા મટી જાય છે. વ્યક્તિચેતના વૈશ્વિક ચેતના સાથે ભળી જાય છે, ત્યારે અહમ્ રહેતું જ નથી.

આ વાત પૂ.શ્રી અને 'મા' સર્વેશ્વરીના નાતામાં સંપૂર્ણ ચરિતાર્થ થઈ છે.

**—શ્રી તરલા દેસાઈ**

# ॥ 'ગુરુ કરતા આપ સમાન' ॥

"ગુરુ કરતા આપ સમાન"

આ આપણા સમર્થ સદ્‌ગુરુ પૂજ્ય શ્રીયોગેશ્વરજીનું વચન છે. જે એમણે સિદ્ધ કરી બતાવ્યું છે.

"પ્રતિબિંબ પ્રભુ મુજને બનાવો, જગને એમાં રૂપ બતાવો."

–પૂ.શ્રી'મા' સર્વેશ્વરી

આ આપણા પૂજ્ય શ્રી'મા' સર્વેશ્વરીની પ્રાર્થના છે. જે સંભળાયેલી આપણે નરી આંખે નિહાળી શકીએ છીએ.

આ કળી કાળમાં જ્યાં એક સાચા ગુરુ મળવા દુર્લભ છે, એવા કાળમાં આપણા ઉપર પરમાત્માની કેવી અસીમ કૃપા છે, કે આપણને એક નહિ પણ બે વિરલ આત્મસાક્ષાત્કારી સિદ્ધપુરુષોના આધ્યાત્મિક ઐક્યના સાક્ષી બનવાનું સદ્‌ભાગ્ય સાંપડ્યું છે.

જો પૂજ્ય પ્રભુ શિવ છે, તો પૂજ્ય 'મા' આદિ-શક્તિ છે.

જો પૂજ્ય પ્રભુ પુરુષ છે, તો પૂજ્ય 'મા' પ્રકૃતિ છે.

જો પૂજ્ય પ્રભુ એક વિચાર છે, તો પૂજ્ય 'મા' એની અભિવ્યક્તિ છે.

જો પૂજ્ય પ્રભુ મન છે, તો પૂજ્ય 'મા' એ મનની વૃત્તિ છે.

જો પૂજ્ય પ્રભુ એક આદર્શ છે, તો પૂજ્ય 'મા'એ આદર્શનો અમલ છે.

ખરેખર તો એ ઉભય વિરાટ વ્યક્તિત્વો એક જ વિશ્વચેતનાનાં બે પ્રતિબિંબ છે.

ગુરુ અને શિષ્ય, ભક્ત અને ભગવાનના મંગલ મિલનના અંતે હવે પૂજ્યશ્રી પ્રભુ અને પૂજ્યશ્રી'મા'નું દ્વૈત જોવું, એમને છૂટાં પાડવાં અશક્ય છે.

હા, આપણામાંના થોડા એવા છે કે જેમને સ્વયં પૂજ્ય શ્રીપ્રભુએ પૂજ્ય શ્રી'મા'નો પરિચય કરાવ્યો હતો. પણ

આપણામાંથી હવે મોટાં ભાગના ભક્ત, બાળકો એવા છે કે જે પૂજ્ય શ્રીપ્રભુને પૂજ્ય શ્રી'મા'ના જીવન થકી, પૂજ્ય શ્રી'મા'માં જ સમાયેલા, પથરાયેલા પૂજ્ય પ્રભુને જ જાણે છે, ઓળખે છે. પૂજ્ય શ્રી'મા' ગુરુભક્તિનું સર્વોત્તમ શિખર છે. પૂજ્ય શ્રી'મા'નું જીવન એટલે ગુરુ સ્તુતિ કરતાં કરતાં ગુરુના આદર્શો પર ચાલીને, ગુરુના કાર્યો કરવા. અને એમ કરતાં કરતાં સદ્‌ગુરુ સાથે એકરૂપ થઈ જવું.

પૂજ્ય શ્રીગુરુદેવના જીવનને જેમ જેમ સમજવાના પ્રયાસ કરતા થઈશું, તેમ તેમ તેમના જીવનનાં સર્વ પાસા પૂજ્ય 'મા'ના જીવનમાં આત્મસાત્ થયેલાં આપણે જોઈ શકીશું. આપણા સદ્‌ગુરુદેવના જીવનની પરિક્રમા કરતાં તો જન્મો વીતી જાય, પણ ક્રમે ક્રમે આપણે એમના જીવનનાં ગણેલાં પાસાં નિકટથી જોઈશું ને એમનું પૂર્ણ પ્રતિબિંબ પૂજ્ય શ્રી'મા'ના જીવનમાં નિહાળી શકીશું.

**૧. સાધના :**

પૂજ્ય શ્રીપ્રભુ અને પૂજ્ય 'મા' ''સાધકમાંથી સિદ્ધ થવા''ના અવતારમાં છે. તો એમના જીવનમાં 'સાધના' એમનો શ્વાસ છે. એમનો હૃદય-ધબકાર છે, એમની જીવાદોરી છે.

પૂજ્ય શ્રીપ્રભુ માટે 'પ્રકાશના પંથે' એમનો સંપૂર્ણ સાધનાત્મક ઈતિહાસ છે. એમના ઉપવાસ, નિર્જળા, સતત પ્રાર્થના, સતત સ્મરણ, દશરથની કઠોર પરિસ્થિતિઓમાં કલાકો સુધી ધ્યાન, આ સઘળું આપણે વાંચ્યું છે. કલ્પના કરવાની કોશિશ છે.

ને પછી જ્યારે પૂજ્ય શ્રી'મા'ના જીવનની સાધનાનાં દર્શન કરીએ, ત્યારે એ કલ્પનાને આકાર મળે છે.

પૂજ્ય 'મા' એ લખેલું છે કે પૂજ્ય 'મા'ની સાધના એટલે ''પ્રકાશના પંથે ભાગ-૨''.

આપણે પૂજ્ય 'મા'ના ઉપવાસો, નિર્જળાવ્રતો સતત

નિહાળી રહ્યા છીએ, એમના હાથમાં સતત ફરતી માળા અને કાઉન્ટર એમને ૨૬ કરોડના આંકડાની પેલે પાર લઈ જતાં આપણે જોયાં છે. પૂજ્ય 'મા'ની સાધનાની નિયમિતતાનાં સતત દર્શન આપણે કરી જ રહ્યાં છીએ. ૨૬ કરોડની પૂર્ણાહુતિ ને ત્યારબાદના ૨૬ અનુષ્ઠાનની પૂર્ણાહુતિ પશ્ચાત પૂજ્ય શ્રી'મા'એ પ્રાર્થનાનો, 'સાધના દિવસ' મનાવવાનો નવો ક્રમ અપનાવ્યો છે. દિવસની ૧૨ થી ૧૫ કલાકની અસ્ખલિત સાધના, ઘડિયાળના કાંટે ચાલનારી, વસતી વચ્ચે ઉઘાડી આંખે દેખાતી સાધના. એ સાધનાનાં દર્શન કરીએ ત્યારે પૂજ્ય શ્રીપ્રભુના શાંતાશ્રમ કે દશરથના દિવસો આપણી આંખ સમક્ષ તાદૃશ થાય છે.

પૂજ્ય 'મા'ની નિયમિતતા તો સૂર્યને શરમાવે એવી છે. પૂજ્ય 'મા'ની ભક્તિનું એક વિશેષ સાધન એટલે પૂજ્ય શ્રી'મા'નાં નિયમિત પ્રણામ. પૂજ્યશ્રી'મા' સાથે પ્રથમ યાત્રાનો લહાવો મળેલો, ૨૦૦૪માં, ત્યારે પૂજ્ય 'મા' રૂમમાં પ્રણામ કરવા બોલાવતા. ઉનાળાના મોસમની એ યાત્રા દરમ્યાન, એક સ્થળે એટલી ગરમી હતી કે રૂમમાં એ.સી.ની અસર થતી ન હતી. એટલે ગરમીમાં પૂજ્ય 'મા' પ્રણામ કરી રહ્યા હતા. હું પાછળ એ જ રૂમમાં પ્રણામ કરી રહી હતી. પૂજ્ય 'મા' એકવાર પ્રણામ કરતા અટકી, ઊભા થઈ, ચાલી ગયા. મને થયું 'હાશ આજે ગરમી છે, માટે પૂજ્ય 'મા' પ્રણામ નહિ કરે, સારું આટલી ગરમીમાં શા માટે એમણે પ્રણામ કરવા જોઈએ ?'

એટલીવારમાં તો પૂજ્ય 'મા' બાથરૂમમાં જઈ એક ભીનો ટૉવેલ માથા પર મૂકી લાવ્યા, ને આવીને પ્રણામ કરવા લાગ્યાં !

મારી ગણતરી સાવ ખોટી પડી. ગરમી છે, એટલે પૂજ્ય 'મા'એ પ્રણામ બંધ નહતા કર્યા. પણ ભીનો ટૉવેલ લેવા ઊભા થયાં હતાં. પ્રણામ તો એ ગરમીમાં પણ પૂજ્ય 'મા'એ પૂર્ણ કર્યા જ !

એ પછી તો વર્ષો સુધી પૂજ્ય 'મા'ને આ નિયમ પાળતાં સૌએ નિહાળ્યાં છે.

ફરી એકવાર ૨૦૨૪ની પોર્ટોરિકો યાત્રા દરમ્યાન, પૂજ્ય 'મા'એ એક ભારે વજનદાર વસ્તુ ઊંચકી લેવાથી પૂજ્ય 'મા'નો ખભો પ્રણામ વખતે સત્યાગ્રહ કરવા લાગ્યો. રોજ નિયમ મુજબ સવારે જ્યારે પૂજ્ય 'મા'એ પ્રણામની શરૂઆત કરી, ત્યારે દુઃખાવાના લીધે 'મા'એ માત્ર ૧૪ પ્રણામ કર્યા. એથી વધુ થઈ ન શક્યા. ને પૂજ્ય 'મા' પ્રણામની ગાદી પાસેથી દૂર થઈ ગયા. જ્યારે અમે પ્રણામની ગાદી ઉઠાવી લેવા આગળ વધ્યા. તો પૂજ્ય 'મા'એ અમને સૌને ના પાડી કે "છો રહી પ્રણામની ગાદી, ઉઠાવવાની જરૂર નથી." મેં ફરી પૂજ્ય 'મા'ને કહ્યું, "'મા' તમારા સ્નાયુઓને આજે આરામ મળી જવા દો. આજે પ્રણામ નહિ કરતાં. તમારા તો એમ પણ અઠવાડિયા ઉપરના પ્રણામ જમા છે. તો આજે હવે પ્રણામ નહિ કરતાં."

પૂજ્ય 'મા'એ સ્મિત ધર્યું ને ફરી એમની પ્રાર્થનામાં લીન થયાં. સાંજ પડી ગઈ, પેલી પ્રણામની ગાદી હજી ઉપાડવા દીધી નથી. સાંજે અચાનક 'મા'એ કોઈ જાહેરાત, કે વાતચીત વગર પ્રણામ શરૂ કરી દીધા ! બધા દોડતાં આવી ગયાં. પૂજ્ય 'મા' સાથે ૧૧-૧૧ પ્રણામ કરવા અને સૌની હાજરીમાં પૂજ્ય 'મા'એ એમના નિયમના ૨૨૫ દંડવત પ્રણામ સંપૂર્ણ કર્યા ! વેદના, દુઃખાવો, સર્વેને ગૌણ ગણીને નિયમ પૂર્ણ કર્યો. એમનો નિર્ધાર હતો એટલે જ સવારથી અમને પ્રણામની ગાદી વાળીને ઉપાડવા દીધી ન હતી.

ત્યારે, ભયંકર માંદગી વખતે પૂજ્ય પ્રભુનું મન પ્રાર્થનામાં કેવી રીતે જોડાયું હશે એ વાત સમજાઈ ગઈ.

ખેરખર તો એવું લાગે કે પૂજ્ય શ્રી પ્રભુની કઠોર સાધનાનાં દર્શન આગળની ૩-૪ પેઢીને કરાવવા જ પૂજ્ય 'મા' તપી રહ્યાં છે. અથવા તો પ્રભુના તીવ્ર તપનો પુરાવો સંસારને આપી રહ્યા છે.

**૨. સેવા :**

પૂજ્ય શ્રીપ્રભુ અને પૂજ્ય શ્રી'મા' જેવા 'કારક' પુરુષો, જનકલ્યાણઅર્થે જ પૃથ્વી પર પ્રગટે છે ને પૃથ્વીપટે સેવાનું અખંડ વ્રત પાળતા આપણે એમને જોઈ શકીએ છીએ.

પૂજ્ય પ્રભુએ જનસમાજની પ્રામાણિક સેવા ખાતર જ "સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ"ની સ્થાપના કરી. મસુરીની સ્કુલ પણ એનું જ ઉદાહરણ છે. પૂજ્ય શ્રીપ્રભુની શિબિરો, એમની જ્ઞાનગંગા સમા પ્રવચનો-સર્વ કાંઈ વિનામૂલ્યે સમાજને મળતું. પ્રવચનોમાં ફંડ ભેગું થતાં, પૂજ્ય પ્રભુ વિદ્યાર્થીઓની ફી ભરતા, મદદ કરતા. પૂજ્ય 'મા'એ કહ્યું છે, કે પ્રભુને કોઈ કવર ચઢાવે તો પ્રભુ તેની ઉપર લખી દેતા, "સારા કામ માટે". એમના સાહિત્યમાં પણ એમની સેવાના ઉચ્ચ આદર્શો છલકાતા : "જીવતા દેવને સેવો." આમ જનસેવા એ પૂજ્યપ્રભુના જીવનનું અગત્યનું પાસું કહેવાય.

તો પૂજ્ય 'મા'નાં જીવનમાં પણ સેવાનાં મૂલ્યોનાં દર્શન થયા જ છે. સર્વમંગલ ટ્રસ્ટ પૂજ્ય પ્રભુએ સ્થાપ્યું, પણ છેલ્લા ૪૦ વર્ષથી એ ટ્રસ્ટની પ્રામાણિક સેવા યોજનાઓ પૂજ્ય 'મા'ની નિગરાણીથી સુરક્ષિત રૂપે ચાલી રહી છે. પૂજ્ય 'મા'એ સ્વર્ગારોહણને એક ધબકતી પરબ બનાવી દીધી છે. જ્યાં ક્યારેક દૂધ, ક્યારેક છાશ, ક્યારેક વાસણ તો ક્યારેક વસ્ત્રોનાં વિતરણ ચાલ્યા જ કરે. ૧૨ માસ સત્કર્મની સેવાની મશાલ અહીં પ્રજ્વલિત રહે છે. જે દરિદ્રોની સેવા થાય એમને પૂજ્ય 'મા' "દરિદ્ર નારાયણ" માત્ર કહેતા નથી, પણ સાચા અર્થમાં નારાયણ જેટલું સમ્માન અને દરજ્જો આપી, ઝૂકીને પ્રણામ કરીને એમની સેવા કરતા આચરણ દ્વારા શીખવે છે.

આજના જમાનામાં દાતાને જે ગમે, જેમાં દાતાનાં વખાણ થાય એવી ને એટલી વસ્તુઓને દાન થાય છે. દાનની રકમ

અને દાનની ચીજવસ્તુ દાતા નક્કી કરે છે. ત્યારે પૂજ્ય 'મા'ની સેવા કરવાની રીતે ન્યારી છે. દરિદ્રનારાયણ કે દર્દીનારાયણ જેમની સેવા થવાની છે, એમની જરૂરત કેટલી છે, જરૂરત શું છે, એનો ઝીણવટપૂર્વક વિચાર કરીને પછી પૂજ્ય 'મા' સત્કર્મ કરે છે, કરાવે છે. ઉનાળામાં ચપ્પલ, ને ચોમાસામાં છત્રી એ સમય ને વ્યક્તિને ઉચિત સેવાયજ્ઞ કરે છે.

પૂજ્ય પ્રભુનું સાહિત્ય એમણે સમાજની કરેલી સેવા છે, એમનાં પ્રવચનો, એમનાં પુસ્તકો. પૂજ્ય 'મા' હવે મૌન ભલે છે, માઈક પરથી પ્રવચન ભલે આપતાં નથી, પણ સમાજની ઘણી મોટી સેવા, સમાજને ફાવે એ માધ્યમ દ્વારા કરે છે : ફોન, વૉટ્સએપ, મેસેજ કે પત્ર દ્વારા પૂજ્ય 'મા' જેને જરૂર છે તેની પાસે પ્રત્યક્ષ પહોંચી એની સેવા કરે છે. 'મા' કહે કોઈના જન્મ, ઘરમાં મૃત્યુ, પ્રથમ નોકરી, કોઈની માંદગી...સર્વે પરિસ્થિતિઓમાં સૌ માને યાદ કરી મેસેજ લખે તો 'મા' પણ એમની પાસે મેસેજ વડે પહોંચી જવાની ફરજ બજાવી લે છે. (વિશ્વમાં સૌથી મૂલ્યવાન સમય છે, ને પૂજ્ય'મા' પોતાનો અતિ કિંમતી સમય ફાળવી આ રીતે સમાજની સેવા કરે છે.)

પૂજ્ય 'મા'એ તો સેવાની પરિભાષા પણ practical રીતે નવા જમાના પ્રમાણે નવી આપી દીધી છે. સેવા એટલે માત્ર રૂપિયા-પૈસાનું દાન નહિ પણ પૂજ્ય'મા'એ સમજાવ્યું છે કે યથાશક્તિ દાન કરો, જે તમારી પાસે હોય એનું દાન કરો. જેમ કે :

- સમયનું દાન,
- હૂંફનું દાન,
- સ્મિતનું દાન
- નાના હતા ત્યારે પૂજ્ય 'મા' સમજાવતા : માતા-પિતાનાં હાથમાંથી સામાન લઈ લો, સેવા કરો.
- ઘરમાં માતા કામ કરતી હોય, ત્યારે આપણે માળા લઈ

ના બેસવું. મદદ કરવી.

આમ પૂજ્ય શ્રીપ્રભુના સેવાના આદર્શને, પૂજ્ય 'મા' આપણા માટે જીવંત કરી, અમલમાં મૂકતાં શીખવાડે છે.

**૩. નમ્રતા :**

પૂજ્ય પ્રભુની નમ્રતા એમના સાહિત્યમાં વર્તાય છે. પૂજ્ય પ્રભુ લખે છે : "હું ઈશ્વરનો સાધારણ બાળક છું. એજ રીતે ઓળખાવવા ઈચ્છું છું." પોતાની સિદ્ધિઓના, અનુભૂતિઓના કોઈ નારા પૂજ્ય પ્રભુએ લગાવ્યા નથી.

પૂજ્ય 'મા'ની નમ્રતા તો આપણે સૌએ નિહાળી છે. પૂજ્ય 'મા' જાહેરમાં પણ એમના વડીલોને પ્રણામ કરતાં ખચકાતાં નથી. ઘણા અન્ય વડીલોને ઝુકીને પૂજ્ય 'મા' પ્રણામ કરે છે. પૂજ્ય 'મા'એ એપ પર, આપણા સર્વ વીડિયોમાં, ને હવે તો સ્વર્ગારોહણનાં મુખ્ય હૉલના સ્વરૂપમાં પણ પૂજ્ય 'મા'નું પોતાનું સ્વરૂપ પૂજ્ય પ્રભુને પ્રણામ કરતું, પૂજ્ય પ્રભુથી નીચું રખાવ્યું છે. એ એમનાં સમર્પણની સાથે સાથે એમની અસીમ નમ્રતા દર્શાવે છે.

કોઈ વડીલ જો પૂજ્ય 'મા'નાં દર્શનની આશા કરતા હોય, તો 'મા' સ્વયં સામેથી જઈને એમને દર્શન આપે છે. ૨૦૦૭માં ન્યૂ જર્સીમાં એક વૈદ્યરાજ પધારેલા, શ્રીબિહારીલાલ વૈદ્ય. પૂજ્ય 'મા'નાં શ્રીતનુની ઉંમર એ વખતે લગભગ ૬૪ વર્ષની હતી, વૈદ્યરાજ ૮૦ની આસપાસ પહોંચેલા. પૂજ્ય 'મા'ને જ્યારે અમે એમને મળવા વિનંતી કરી, તો પૂજ્ય 'મા' કહે, "તેઓ વડીલ છે, ચાલો 'મા' જ એમને મળવા જાય." આ રીતે પૂજ્ય 'મા' કદી નમ્રતાનો પાલવ છોડતા નથી. ને એમના સાહિત્યમાં પણ એ વાત છલકાય છે, "મને નાનો નાનો બનાવી દો, સૌને નમતો સૌને ગમતો."

—ડૉ. અર્પિતા જોશી

# ॥ અંતરનો અવાજ ॥

રાજકોટમાં ચાર વર્ષના ઈજનેરી ભણતર દરમ્યાન મેં બે નિયમો અચૂક રાખેલા - દર ગુરુવારે શ્રીરામકૃષ્ણ આશ્રમનાં દર્શને જવાનું અને પછી શ્રીશાંતિલાલના નિવાસે થતા સત્સંગમાં જવાનું. આ બે નિયમો ગમે તે થાય તો પણ તોડવા નહિ એવું કોણ જાણે કેમ મનમાં ઠસી ગયેલું. અને સાચે જ પૂજ્યશ્રી 'મા'-પ્રભુએ જ આ નિયમો ટકાવી રાખેલા !

યુનિવર્સિટીની પરીક્ષાના દિવસોનો ક્રમ કૈંક આવો રહેતો : પરીક્ષાના બપોરે ૧-વાગ્યે પૂર્ણ થાય ત્યારબાદ હૉસ્ટેલ આવી હું જમી લેતો અને પછી થોડો સમય આરામ કરી બીજા દિવસની પરીક્ષા માટે તૈયારી ચાલુ કરી દેતો જે રાત્રે બે-ત્રણ વાગ્યા સુધી ચાલતી.

વાત વર્ષ ૨૦૦૮ની છે. ત્યારે પાંચમા સેમિસ્ટરની પરીક્ષાઓ ચાલતી હતી અને ડિસેમ્બર મહિનાના એક ગુરુવારે પરીક્ષા આપી, જમી લઈ હું આરામ કરતો હતો અને ત્યાં વિચાર આવ્યો કે આજે શ્રીરામકૃષ્ણ આશ્રમના અને શાંતિકાકાના ઘરે સત્સંગમાં નથી જવું ! કારણ ? કારણ તો એ જ કે...રાત્રે ખૂબ મોડે સુધી પરીક્ષાની તૈયારી કરી હતી તેથી હું ખૂબ થાકી ગયો હતો. એટલે મનમાં એમ થયું કે જરા વધુ આરામ કરી લઉં તો આવતી કાલની પરીક્ષા માટે વધુ એકાગ્રતાથી તૈયારી ચાલુ કરી શકાય. અને હવે તો આ વિચાર, નિર્ણય બની ગયો કે આજે હૉસ્ટેલમાં જ રહીશું, બહાર નથી જવું.

થોડી વાર સૂતો હોઈશ પણ ઊંઘ આવી નહિ. ઘણા પ્રયત્નો કર્યા પણ ૧૦-૧૫ મિનિટ ઊંઘ આવે અને તરત જ આંખ ખૂલી જતી. અને હવે મનનાં કોઈ ઈશાન ખૂણામાં એક ધીમો પણ એકદમ મક્કમ અવાજ શરૂ થાય છે...''આજે આપણે રામકૃષ્ણ આશ્રમ અને સત્સંગમાં પણ જવાનું જ છે !'' પણ આ અવાજ તરફ મેં ધ્યાન ન આપ્યું અને ફરી સૂવા માટે પ્રયત્ન કર્યા. બસ ૫-૧૦ મિનિટ ઊંઘ આવે ફરી પાછું ઉઠી જવાય અને સાથે પેલો મનમાં આદેશ આપતો અવાજ ચાલુ જ હતો જેની મક્કમતા વધુ દૃઢ બનતી જતી હતી ! હું પાછું મારા મનને સમજાવું પણ છું કે હું ખૂબ થાકી ગયો છું અને આવતી કાલે પાછી પરીક્ષા પણ છે એટલે આપણે હવે આરામ જ

કરવાનો છે. આવો ક્રમ ચાલતો જ રહ્યો અને હવે તો પેલા આદેશનો અવાજ એવો સ્પષ્ટ હતો કે રૂંવાડાં ઊભા થઈ ગયાં... "નમન !!...ઊઠ, ઊભો થા ચાલ આવ રામકૃષ્ણ આશ્રમ !!"

આટલા સ્પષ્ટ હુકમને નકારી કેમ શકાય ? એટલે મેં નક્કી કર્યું કે હું રામકૃષ્ણ આશ્રમ જઈશ પણ ત્યાં ૧-૨ પ્રદક્ષિણા કરીને તરત જ પાછો હૉસ્ટેલ આવી જઈશ અને સત્સંગમાં નહિ જાવ.

એટલે હવે હું તૈયાર થઈ ત્યાં જવા માટે નીકળું છું. સામાન્ય રીતે હૉસ્ટેલથી રામકૃષ્ણ આશ્રમ જવા માટે ૧-કલાક જેવો સમય થઈ જતો. પણ તે ગુરુવારે જાણે સીટી બસ ત્યાં જવા માટે મારી રાહ જોઈને ઊભી હતી અને મને ત્યાં ફક્ત ૨૦ મિનિટમાં જ પહોંચાડી દીધો !

પણ હું તો હજી મારી ધૂનમાં જ હતો કે-થોડી પ્રદક્ષિણા કરી, દર્શન કરી...થોડી વારમાં જ હૉસ્ટેલ પાછા જતા રહેવું. એટલે મેં રામકૃષ્ણ આશ્રમની એક પ્રદક્ષિણા કરી અને હજુ બીજી ચાલુ જ કરું છું ત્યાં મારું ધ્યાન રામકૃષ્ણ આશ્રમના મુખ્ય મંદિર પર પડે છે. તે આખા મંદિરને ખૂબ સરસ રીતે તે દિવસે શણગારવામાં આવ્યું હતું ! હું કોઈને પૂછું કે આ શણગાર કેમ છે !...તેની પહેલાં જ મારું ધ્યાન ત્યાં મૂકેલા નોટિસ બોર્ડ પર જાય છે, જેમાં લખ્યું હતું કે "આજે શ્રી'મા' શારદાદેવીનો જન્મદિવસ છે" આ વાંચી હું ભાવવિભોર થઈ ગયો, રડી પડ્યો અને અંતર પોકારી ઉઠ્યું કે..."હે 'મા' આજે તમે સ્વયં મને અહીં લાવ્યા. નહિ તો હું મારી આળસમાં આજના મહત્ત્વના દિવસે આપના દર્શનનો લાભ ગુમાવી દેત. હે મારાં શારદા 'મા'/મારાં સર્વેશ્વરી 'મા'...આપનો આભાર." પછી તો હું ત્યાં ઘણું ખરું રોકાયો અને પ્રાર્થના/પ્રણામ કર્યા અને સાથે જ સત્સંગનો લાભ લઈ પાછો હૉસ્ટેલ આવ્યો.

આ પ્રસંગ આજે અહી લખતાં પેલો અંતરનો અવાજ આજે પણ એકદમ સ્પષ્ટ યાદ છે. તે બીજું કોણ ? મારાં 'મા' જ ને !! તેમણે જ મને મારા નિયમો પળાવ્યા અને એક મહત્ત્વના અવસર પર, એમના જન્મદિવસ પર આમ અદ્‌ભુત દર્શન કરાવ્યાં !

**—શ્રી નમન ટેલર**

## ॥ ૧૫ ઑગસ્ટ : પૂ.શ્રીયોગેશ્વરજીનો પ્રાગટ્યોત્સવ ॥

'સ્વર્ગારોહણમાં ઘણા ઘણા ઉત્સવો ઉજવાય છે આ વખતે જાણે ત્રિવેણી સંગમમાં સૌને સ્નાન કરવાનું મળ્યું ૧૫મી ઑગસ્ટ - સ્વાતંત્ર્ય દિવસ - પ્રભુનો પ્રાગટ્ય દિવસ - પૂજ્ય શ્રી'મા'ની સ્થૂળ સંનિધિ.'

ઘણા સદ્‌ભાગી ભક્તો-બાળકોએ ત્રિવેણી સંગમમાં સ્નાન કરીને ધન્યતા અનુભવી. સૌના હૃદયે આજે આનંદ છે, ઉત્સાહ છે, ઉત્સવ ઉજવવાનો થનગનાટ છે, 'સ્વર્ગારોહણ'ને સજાવવામાં આવ્યું છે. વિશેષ રીતે રંગોળી, તોરણો, તિરંગાથી સત્સંગ હૉલને પણ સુશોભિત કર્યો છે.

'સ્વર્ગારોહણ'માં આજે સૌ પ્રથમ બેઠક પ્રણામની રહી. પૂજ્ય શ્રી'મા' સાથે સૌએ પ્રણામ કર્યા. પૂજ્ય શ્રી'મા' એ દર્શન દ્વારે પ્રણામ કર્યા અને સૌ ભક્તોએ પૂજ્ય શ્રી'મા'નાં દર્શન કરતાં કરતાં સરોડાની કુટિયાની બંને બાજુએ પ્રણામ કર્યા. સવારનું શાંત પવિત્ર વાતાવરણ પણ પ્રણામ કરવામાં શક્તિ અને સાથ પુરાવતું હતું.

ત્યારબાદ ધ્યાનની બેઠક હૉલમાં હતી. અહીંના દરરોજના ક્રમ પ્રમાણે વંદના થઈ અને પ્રાર્થના સાથે સવારની બેઠક પૂર્ણ થઈ.

પૂજ્ય શ્રી'મા'ને સૌના આરોગ્યની પણ ચિંતા છે સૌનું આરોગ્ય તંદુરસ્ત હોવું જોઈએ એ દ્રષ્ટિએ એક કાર્યક્રમ આરોગ્ય યાત્રાનો પણ થયો જેમાં પૂજ્ય શ્રી'મા' સ્વયં દર્શન દ્વારે ૩૦ મિનિટ સતત દોડે છે અને સૌ ભક્તો નીચે વારાફરતી ભાઈઓ અને બહેનો દોડે છે પૂજ્ય શ્રી'મા' તો સતત બધાંની સાથે દોડતાં જ રહ્યાં.

આજે પ્રભુનો પ્રાગટ્ય દિવસ એટલે પાલખીયાત્રા તો હોય જ. પ્રભુનો જયજયકાર કરતા સૌ બાળકો આનંદથી નાચી ઊઠે છે સૌ ખૂબ પ્રેમભાવથી પ્રભુના ગુણગાન, ધૂન સંકીર્તન દ્વારા ગાય છે.

આજે 'સ્વર્ગારોહણ'ને દ્વારે દર વર્ષની જેમ ધ્વજવંદનનો કાર્યક્રમ રહ્યો. એનું ખાસ મહત્ત્વ તો એટલે છે કે તે પૂજ્ય 'મા'ની સંનિધિમાં થયો. અહીંની પરંપરા પ્રમાણે સૌએ હાથ જોડીને રાષ્ટ્રગીત ગાયું દેશભક્તિનાં ગીતો ગાયાં. શ્રીહસુભાઈના હસ્તે ધ્વજવંદન થયું.

'સ્વર્ગારોહણ'ની પ્રદક્ષિણા કરતી પાલખી પણ આજે તો ધન્યતા અનુભવે છે 'નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલકી મા જ્યોતિર્મયીને લલ્લો ભયો જય સરોડાનાથકી જય યોગેશ્વર નાથકી.' જાણે આજે અહીં ગોકુળિયું ગામ ઊભું થયું છે. સૌના મનઅંતરે ગોપીભાવ છે આજે તો ભક્તો પાસે પ્રભુ પણ છે અને સ્વયં 'મા' પણ છે. ગરબા ગાતાં ગાતાં આ આખી શોભાયાત્રા, પાલખીયાત્રા રસવંતી બની છે વળી આજે આપણો સ્વાતંત્ર્ય દિન પણ છે તો તે નિમિત્તે અંબાજી ગામ સુધીની એક વિશાળ વંદન યાત્રા પણ નીકળી છે જેમાં સ્વયં પ્રભુ યોગેશ્વરજીએ રચેલ દેશભક્તિનાં ગીતો ગાતા ગાતા સૌ ભક્તો તેમાં જોડાઈ ગયા. પ્રભુના ગીતોમાં એક એક શબ્દમાં જાણે દેશભક્તિ છલકતી જોવા મળે. આ રીતે કંઈક અંશે દેશનું ઋણ ચૂકવવાનો જાણે મોકો મળ્યો. 'સ્વર્ગારોહણ' દ્વારે સૌ ભક્તોની રાહ જોતાં પૂ.શ્રીનું સરસ બેનર્સ મોટી ટ્રકની આગળ મૂકેલું છે. વાજિંત્રો સાથે ગાયક વૃંદ અંદર ટ્રકમાં બેસીને સ્વતંત્રતાનો કિલ્લોલ કરી રહ્યા છે. બધા ભક્તો સફેદ વસ્ત્રમાં સજ્જ ત્રણ ત્રણની હરોળમાં

ગીત ઝીલતા ઝીલતા ગૌરવ અનુભવી રહ્યા છે લગભગ એકાદ કલાકની આ વંદનયાત્રા રહી.

આજના દિવસની મુખ્ય બેઠક એટલે પૂજ્ય શ્રી'મા'ની સંનિધિમાં સત્સંગ. સૌની જિજ્ઞાસાનો અંત એટલે પૂજ્ય શ્રી'મા'ની સ્થૂળ હાજરીમાં સત્સંગ. પૂજ્ય શ્રી'મા' બેઠકમાં પધારે છે. પૂજ્ય 'મા' કહે ઘણા જન્મે છે અને ઘણા પ્રગટે છે આજે બીજા પણ ભક્તોનો જન્મદિન છે તેના સંદર્ભમાં આપણે બધા આજથી એવું જીવી બતાવીએ કે આપણે પણ પ્રગટ્યા એવું લોકો કહે, એવું જીવી બતાવીએ. એટલે તો આ બધા ઉત્સવો ઉજવો છો એની પાછળના રહસ્યને ઝીલવાનું છે દરેક ઉત્સવ માનવમાંથી દેવ બનવાની પ્રેરણા ધરે છે.

—શ્રી યોગેશ્વર જ્ઞાનામૃત ડીવીડી દર્શન

—શ્રી યોગેશ્વર લીલામૃત ડીવીડી દર્શન

આજે પ્રભુનું જીવનદર્શન કરાવતી શ્રી યોગેશ્વર લીલામૃત અધ્યાય ૯ થી ૧૦ની ડીવીડી સૌ ભક્તો માટે પ્રસ્તુત થઈ રહી છે તેના એક ભાગનું દર્શન પૂજ્ય શ્રી'મા'ની સંનિધિમાં સૌ માણે છે આ ડીવીડી પાછળ શ્રી હેમલભાઈ અને તેમની ટીમનો અથાગ પરિશ્રમ પથરાયેલો છે આ ડીવીડી ઉપલબ્ધ કરાવવા માટે પૂજ્ય 'મા'નો ખૂબ ખૂબ આભાર. જેમણે જેમણે તેમાં પરિશ્રમ પાથર્યો છે તેમનો પણ ખૂબ આભાર. હવે જાણે પ્રભુનું જીવનદર્શન દ્રશ્યમાન જ્યારે પણ મન થાય ત્યારે ડીવીડી દ્વારા દર્શન કરી શકાશે આ તો જાણે પૂજ્ય 'મા'એ સૌને ઘેર બેઠા ગંગાજીનું ભાથું બાંધી આપ્યું છે.

આ વિશેષ દિને પૂજ્ય શ્રી'મા' વિશેષતાને વધાવે છે એક જે શ્રીશાંતિભાઈ જેઓ તન મન અને ધનથી ઘસાઈને ઉજળા

થયા છે આજની આ ડીવીડીના પડદાની પાછળ પણ પોતે જ ઊભા છે સર્વ દિશાથી સહયોગ ધરનાર તેઓ નમ્રસેવક ભક્ત છે. સર્વમંગલ ટ્રસ્ટના પ્રાણસમા શ્રીશાંતિભાઈ સૌના પરિચિત છે. હમણાં જ હોસ્પિટલની મુલાકાત લઈને આપણી વચ્ચે ઉપસ્થિત થાય છે શ્રી શાંતિભાઈની ઘણી બધી વિશેષતા છે તે વિશેષતાને પ્રભુએ પણ 'કળીમાંથી ફૂલ' પુસ્તકમાં અંજલિ આપી છે. વળી આજે તેઓ એક નવો ગ્રંથ લઈને આપણી વચ્ચે બેઠા છે. 'પ્રેમભક્તિની પગદંડી' તેમણે આ પુસ્તક વાંચ્યું ખૂબ ગમ્યું વારંવાર વાંચ્યું અને એ ભક્ત પુરુષને વિચાર આવ્યો કે આ પુસ્તક પુનઃ પ્રકાશિત થાય તો ! એ પુસ્તક આપણે સૌને તેઓશ્રીના હસ્તે જ પ્રસાદમાં મળશે. શ્રી શાંતિભાઈને પુષ્પગુચ્છ અર્પણ કરી સાલ ઓઢાડીને તેમનું સન્માન કરવામાં આવે છે નાનાં બાળકો પણ શંખ વગાડીને તેમને બિરદાવે છે ફૂલની પાંદડીઓનો વરસાદ કરીને કંઈક અંશે સન્માન ધર્યાનો સંતોષ અનુભવે છે.

પૂજ્ય શ્રી'મા' કહે અમારી જન્મભૂમિ કર્પૂરવનથી પણ એક વિશેષ વ્યક્તિ પધારી છે. સમાજના ઘણા બધા ક્ષેત્રના વિવિધ પદ પર રહીને સમાજસેવા કરનાર શ્રી શ્રી હસુભાઈ પણ હાજર થયા છે કેટલા બધા કલાકની મુસાફરી કરીને અહીં આવી શક્યા તે આપણા આનંદની વાત છે તેમને પણ પુષ્પગુચ્છ અર્પણ કરી શાલ ઓઢાડીને સન્માન કરાય છે.

ત્રીજી પણ એક વિશેષ વ્યક્તિ શ્રી સુમેશભાઈ 'સ્વર્ગારોહણ'ના સ્વજન બનીને આજે જ આવ્યા છે 'સ્વર્ગારોહણ'ની કાયાપલટ તમે જે જોઈ શક્યા જોઈ રહ્યા છો તેના પડદા પાછળ શ્રી સુમેશભાઈ છે એટલે તમારા સૌની

ઉપસ્થિતિમાં એમના માટે વરદહસ્તની પ્રાર્થના કરીશું શ્રી સુમેશભાઈનું પુષ્પગુચ્છથી સન્માન કરાય છે વળી તેમને ‘રક્ષમામ્‌ની શાલ’ પણ અર્પણ કરવામાં આવે છે.

આપણે દર વખતે જોઈએ છીએ કે દર્શનાબેન અને કૃતિકા બેન ૧૦-૧૦ કલાકનો પરિશ્રમ કરીને રંગોળી કરે છે અને દર વખતે આ રંગોળી જાણે જીવંત જ લાગે છે એટલે દર્શનાબેન પણ વિશેષ વ્યક્તિ છે (આ વખતે તેમણે વંદે ભારત, ભારતના ધ્વજ સાથેની રંગોળી, બંદૂક, સૈનિક સાથે રંગોળી કરી છે.)

—પૂજ્ય શ્રી યોગેશ્વરજીને આજે ૧૦૩ વર્ષ થયા તો ૧૦૩ મિનિટ તો સૌએ દોડવું જોઈએ.

—સંતોના પગલે દોડવાનું, સંસારની પગદંડી પર નહિ. સંતની ‘પ્રેમભક્તિની પગદંડી’ પર.

—વર્ષો સુધી ખૂબ ગાયું. (ભજનો, પદો, ધૂન, પ્રાર્થના બધા ખૂબ ગાયાં) હવે જીવી બતાવવું પડે.

—હમણાં અમે દેશની સરહદે વંદન કરવા જઈ આવ્યાં.

—દેશને સમર્પિત થઈને જેમણે જેમણે શહીદી સોનેરી અક્ષરે લખાવી તે સૌએ જીવી બતાવ્યું. આપણે પણ જીવી બતાવીએ.

—નવસારીના આપણા શ્રી અશોકભાઈ છે. સમાજસેવાનું સરસ કાર્ય ઉપાડ્યું છે.

—એક જ કાર્ય જાણી લો. કસાઈખાને જતી ગાયોને બચાવવાનુંય કાર્ય.

—હિન્દુઓની રક્ષા કરવાનું કાર્ય જાણે આહ્‌વાન વધાવી લીધું છે.

—આવા જીવનને જીવી જાણ્યું એવું કહેવાય.

—બે વૃદ્ધ છતા યુવાન પાત્રોને પણ આપણે વધાવીએ શ્રી નારાયણભાઈ (કનુભાઈના પિતાજી)

—કેટલી મોટી ઉંમરે આપણી સાથે આરોગ્યયાત્રામાં દોડતા હતા. શ્રી નારાયણભાઈની એક વિશેષતા છે એમના મનમાં એક ઈચ્છા જાગી કે મારું નવું ઘર બનાવો પણ તે પહેલા સરોડામાં પ્રભુનું ઘર બનાવવું.

—શ્રી નારાયણભાઈએ સરોડામાં પ્રભુનું સરસ ઘર બનાવીને ગામલોકોને સોંપ્યું. વર્ષમાં ઘણીવાર ‘સ્વર્ગારોહણ’ આવે છે અને એક જ વાત કહે છે કે મારે ભક્તોને જમાડવા છે.

—એવા વડીલ બે દિવસ પહેલા આપણા સૌ સાથે દોડતા હતા તો આજે તેમને પણ શ્રી રાજુભાઈ શાલ અર્પણ કરીને વધાવશે.

—હવે રહ્યા યુવાન માતા શ્રી મહાલતાદેવી.

—૧૦૮ ભક્તો ના પાડે દોડવાની છતાં દોડે જ સૌની સાથે.

—સતત કાર્યરત. ‘સ્વર્ગારોહણ’ બંધાતું હતું ત્યારે અમારી પાસે રહેતાં તે દિવસોમાં અંબાજીમાં રાતદિવસ એક જ વખત કેળાની ટ્રક આવતી અને કોઈ વખત ના પણ આવે તો મહાલત્તાબેન બસમાં બેસીને આબુ જાય ત્યાંથી ફ્રુટ લાવે.

—એવી હિંમત છે કે એકવાર રાતે બસમાં આવ્યાં. અંબાજી ને ‘સ્વર્ગારોહણ’નો દરવાજો બંધ હતો. તાળું હતું તો તેમણે હેન્ડબેગ દરવાજામાંથી અંદર ફેંકી એ પોતે દરવાજો કૂદીને અંદર આવ્યા.

—દશરથયાત્રામાં એમની ચાલ. એમની ચપળતા, એમની હિંમત સૌએ વંદન કરવા જેવી છે. તેમનું પણ શાલ ઓઢાડીને પુષ્પગુચ્છ આપીને સન્માન કર્યું.

૨૦૨૪ જૂનમાં પૂજ્ય શ્રી'મા'એ કારગિલની વંદનીય યાત્રા કરી તેની ડીવીડી બતાવવામાં આવે છે. હેમલભાઈએ ખૂબ સરસ વીડિયો શુટીંગ કર્યું છે. ત્યાંનું કુદરતી સૌંદર્ય, શહીદોનું સ્મારક, પૂજ્ય શ્રી'મા'ના ભાવોનું આબેહૂબ દર્શન કરાવ્યું છે. ખાસ તો તે પ્રસંગને અનુરૂપ દેશભક્તિના ગીતો ને તેના શબ્દો મૂક્યા છે જાણે કે આપણે સૌ હમણાં જ સરહદ પર લડાઈ કરવા જઈ રહ્યા હોય તેવું સરસ શૂટિંગ કર્યું છે. આ ડીવીડી કરુણ પણ છે, રસપ્રદ પણ છે અને પૂજ્ય શ્રી'મા'ની અંતરયાત્રાનું ને દેશભક્તિનું દર્શન પણ કરાવે છે. આજના પવિત્ર વિશેષ દિવસે આવું દર્શન સૌની આંખો ભીંજવતું ગયું. સૌનું મન જાણે આપણી સરહદ પર રાષ્ટ્રગીત ગાઈ આવ્યું.

આ ડીવીડી યાત્રાના સંદર્ભમાં પૂજ્ય શ્રી'મા' કહે આ શહીદ સ્મારકનું એક દ્રશ્ય દરરોજ યાદ આવે છે. એક સ્થળ છે જ્યાં બધા શહીદોના અંતિમ પત્રો છે એમના ફોટા છે એમના હથિયારો છે એમના યુનિફોર્મ છે ઘણા બધા મુલાકાતીઓથી તે સ્થળ ભરેલું હતું. એક વડીલ પણ એ હરોળમાં ઊભા હતા. એક શહીદના ફોટા પર હાથ મૂકીને બોલે છે બેટા 'આજ તેરા જન્મદિન હે' એટલું બોલીને ચૌધાર આંસુએ રડી પડે છે અને તે તરત જ ત્યાંથી બહાર નીકળી ગયા. પોતાનો એકનો એક પુત્ર શહીદ થયો. તેના જન્મદિને એ પિતા ત્યાં ખાસ આ સ્મારક ઉપર આવ્યા હતા. દેશને સમર્પિત થનારા એ શહીદોને લક્ષ કોટી પ્રણામ. એ સ્થળની મુલાકાત દરેકના હૈયાને હલાવી દેનારી હતી.

—યુદ્ધમાં જતા પહેલાં દરેક સૈનિકને પોતાના ઘરે એક પત્ર લખવાનો નિયમ છે.

—એમના અક્ષરોમાં એ પત્રો ત્યાં મુકાયા છે.

—એ પત્રો વાંચતાં પથ્થર પણ પીગળી જાય છે.

—જે જે ભારતને ચાહે છે તેણે તેણે એ ધરતી પર જઈને શહીદોની એ ધરતીને વંદન કરવા જોઈએ.

—આપણી સુરક્ષા માટે પ્રાણ અર્પણ કરનારા શહીદોની શાંતિ માટે આપણે ઊભા થઈને ત્રણ મંત્ર બોલીશું (ૐ યોગેશ્વરાય નમઃ)

—૨૦ થી ૨૫ વર્ષના ૫૨૭ સંખ્યામાં શહીદો એ ધરતી પર શ્રીફળ વધેરે એ રીતે અર્પણ થઈ ગયા.

—એ સૌના જીવનની શાંતિ માટે આપણે તો પ્રાર્થના કરીએ.

—કારગિલના એ સ્મારકને વંદન કરીને આપણામાંથી ૨૦ થી ૨૫ ભાઈ બહેનો પૂનાની યાત્રા કરી આવ્યા.

—પૂના જે કોઈ જાય તેમણે સંસ્થાની મુલાકાત પણ લેવા જેવી છે.

પૂજ્યશ્રીના સાહિત્ય અને ખાસ કરીને કાવ્યનો અભ્યાસ જે યુવાન કરે છે તે રથીભાઈ પૂજ્યશ્રીના કાવ્યો પર બોલે છે જાણે કે અત્યાર સુધીમાં પૂજ્યશ્રીના કાવ્યોને ખરા અર્થમાં એક યુવાને અંજલિ આપી તેણે ખૂબ ભાવથી વાંચન કર્યું છે, મોઢે કર્યું છે અને ભાવથી મધુર કંઠે તે ગાઈ પણ શકે છે. અરે જીવનમાં પણ ઉતારવાના પ્રયત્નો કરી રહ્યા છે.

'સ્વર્ગારોહણ'ની બેઠકમાં જ્યાં સુધી ધ્યાનની બેઠક ના થાય ત્યાં સુધી કંઈક અધૂરું થયું હોય એમ લાગ્યા કરે આજના વિશેષ દિવસે પણ ધ્યાનનું મહત્ત્વ સમજાવતી એક બેઠક ધ્યાનની હતી.

પૂજ્ય શ્રી'મા' કહે ખુલ્લી આંખ રાખીને જપ કરતાં કરતાં, પ્રાર્થના કરતાં કરતાં ધ્યાન કરવાનું છે. પડદા પર જે દેખાય છે તેમાં ખોવાઈ જવાનું છે. ભૂલમાં પણ કોઈ આંખ બંધ ના કરે.

આજે આ વિશેષ પ્રાગટ્યદિને એક સુંદર ડીવીડી દર્શન ખાસ ધ્યાન માટે તૈયાર કરાઈ છે જ્યાં પૂજ્ય શ્રીનું સાધનાકાળનું પદ્માસન વાળેલું સ્વરૂપ છે જેમાં પૂજ્ય શ્રીનાં નેત્રકમળ ખોલ-બંધ થાય છે. જાણે કે જીવંત પૂજ્ય શ્રી અહીં બિરાજમાન છે એવું સૌને લાગ્યું. એક પલકારો મારવાનું પણ આપણને મન ન થાય. આજે તો જાણે સૌ ભક્તો પ્રભુ સાથે એકાકાર થઈ ગયા. પૂજ્ય શ્રી'મા'એ સૌને જાણે પ્રભુમાં મળાવી દીધા. ઓગાળી દીધા.

થેન્ક્યુ મા. થેન્ક્યુ મા. થેન્ક્યુ મા.

કાર્યક્રમના અંતે પૂજ્ય શ્રી'મા' કહે તેમ સૌ પ્રેમથી દોડીને આવ્યા. પૂજ્ય શ્રીના ચરણે તમારી શ્રદ્ધા ભક્તિ દિવસે દિવસે વધતી રહો, 'પ્રકાશ પંથ'ના ઋષિ-તપસ્વીના ભવનમાંથી જે ગમ્યું હોય તે જીવનમાં ઉતારવાના પ્રયત્ન કરજો. આખા કાર્યક્રમમાં આખા દિવસમાં જાણે એક એક કલાક એક એક મિનિટમાં વીતતો ગયો. ખૂબ રસપ્રદ, ભાવભક્તિભર્યો, સુંદર સુંદર દ્રશ્યો, પૂજ્ય શ્રી'મા'નાં દર્શન કરાવતા ગયા. ઉત્સવ ઉજવવાનો સંતોષ સૌના અંતરે રમતો રહ્યો.

મા-પ્રભુના શ્રી ચરણે વંદન...કોટી કોટી સાષ્ટાંગ પ્રણામ.

**—શ્રી મયૂરી ટેલર**

## ॥ પરંપરાગત પર્વોમાં અદ્યતનતા ॥

પૂ.શ્રી'મા'ની સંનિધિમાં યજ્ઞોપવિત અને રક્ષાબંધન પર્વની એક નવા જ અભિગમથી ઉજવણી થઈ.

હે 'મા' આપ સતત સતત વર્ષોથી ચાલી આવતી અતિ રૂઢિચુસ્ત ગણાતી માન્યતાઓ નિર્મૂળ કરવા માટે આપ નવી પૂજાપદ્ધતિ સુંદર રીતે સમજાવો છો. અને નવી દિશાઓ સતત ચીંધતા રહો છો. શિવપૂજા, સુંદરકાંડ અને હવે યજ્ઞોપવિત પરિવર્તન કરવામાં વર્ષોથી ચાલી આવતી પૂજામાં જાણે નવા પ્રાણનો સંચાર કર્યો છે. આજે સૌ ભૂદેવો માટે યજ્ઞોપવિત અને રક્ષાબંધનનો કાર્યક્રમ આયોજિત કરીને સૌને સંકલ્પ માત્રથી 'સ્વર્ગારોહણ' તીર્થમાં હાજર કર્યા એ અમારી સૌની ખુલ્લી આંખોનો અનુભવ હતો જ્યાં માંડ ૨૦ ભૂદેવો હતા ત્યાં આપે ૫૫ ને હાજર કરી દીધા. અરે સરસ પિતાંબરી પ્રસાદમાં આપી યજ્ઞોપવિત આપી અરે શ્રી લક્ષ્મીજી પણ આપ્યાં અને એથી પણ વિશેષ આપે સ્વયં આપના કરકમળથી 'સ્વર્ગારોહણ' તીર્થનાં સૌ સ્વજનોને રક્ષા પણ ધરી એ માત્ર રક્ષા જ નહોતી ! પણ અમારે સૌ માટે આપના તરફથી મળેલ અભય રક્ષાનું વરદાન પ્રાપ્ત થયું હોય..તેમ સૌને અનુભવાયું...

આજે તહેવારોનો જાણે ત્રિવેમી સંગમ હતો શ્રાવણી પૂનમે શાસ્ત્રમાં ગંગાજી સ્નાનનો મહિમા શાસ્ત્રોમાં વર્ણવેલો છે. તો આપના વરદ હસ્તથી આપના પવિત્ર સંકલ્પથી અમને સૌને શ્રી ગંગાસ્નાન કરાવી અને જાણે શ્રી ગંગાજી સાક્ષાત્ 'સ્વર્ગારોહણ' તીર્થમાં ઉતાર્યા અરે સ્વયં ગંગાજી બની સૌ સાધકોની સામે ઉપસ્થિત થઈ અને સૌને પવિત્ર કરવાનું જાણે યુગકાર્ય કરતા હોય

તેમજ ભાસતું હતું. આ કોણ કરી શકે ? સામેથી બોલાવી સાંનિધ્ય આપવાની આપની રીત આ દુનિયામાં અનોખી છે. શિવપૂજામાં અને રક્ષાબંધનના કાર્યક્રમમાં ૫.૦૦ થી ૫.૩૦ કલાક હાજર રહ્યા આવી મેરેથોન બેઠકમાં હાજર રહી સૌ ભૂદેવોને પ્રત્યક્ષ દર્શનનો લાભ આપ્યો. અરે નવી પરંપરાને લાગુ કરી આ યજ્ઞોપવિત પરિવર્તનની જટિલ ગણાતી વિધિને પણ જાણે એકદમ સહજ કરી દીધી. તેજપુંજથી પ્રગટો હે પ્રભુ આ યજ્ઞોપવિતમહીં પધારો. અને પૂજ્ય શ્રી પ્રભુ અને પૂજ્ય શ્રી'મા'ની સ્તુતિ કરતાં કરતાં અને યજ્ઞોપવિત પર શ્રી ગંગાજીનો અભિષેક કરતાં કરતાં યજ્ઞોપવિત બદલવાની કરવાની વાત સૌ એ સહજ રીતે સ્વીકારી, સૌને પ્રિય લાગી, પ્યારી લાગી, પોતાની લાગી. હે 'મા'..આપ આ ભૂદેવોની રૂઢિચુસ્ત માન્યતાઓને તિલાંજલી આપી અને નવા નવા પ્રયાગોને સ્થાન આપી સૌના મનઅંતરે નિત્ય નિવાસ કરો જ છો. આપની પસંદગી પણ કેટલી ઉત્તમ પ્રસાદમાં પ્રાપ્ત થયેલ પિતાંબરી પણ કેટલી સરસ લાવ્યા. આખું 'સ્વર્ગારોહણ' તીર્થ જાણે ભગવા રંગે રંગાઈ ગયું, એક સાધુતાની લહેર જાણે 'સ્વર્ગારોહણ' તીર્થમાં છવાઈ ગઈ થોડી ક્ષણો માટે મનમાં ઊઠેલા સંકલ્પો જાણે આ 'સ્વર્ગારોહણ' તીર્થની ધરતી પરથી જ સાકાર થશે જ. સૌ ભવિષ્યમાં હિમાલયમાં પદયાત્રા કે વિચરણ કરતા હોય તેવું જાણે મનઅંતરે ચિત્ર ઉપસ્યું છે. હે 'મા' અમે સૌ પણ કેસરીયાં કરી શકીએ તેવી કૃપા વરસાવજો. આજે પૂજ્ય શ્રી ગુરુદેવ પ્રભુની સ્તુતિ વિશેની અત્યંત રોમાંચક વાણી ફરીથી શ્રવણ કરી, સ્તુતિના રસથાળ પામી એના અનેરા મહિમાને સૌએ જાણ્યો તો આજે સૌ ધન્ય ધન્ય થઈ ગયા. કેટલા અદ્‌ભુત અક્ષરદેહ પ્રગટ થયા છે. હે 'મા' આપ આ પૃથ્વી પટે પ્રગટ્યાં જ ના હોત તો આ પૂજ્ય શ્રી

પ્રભુની આટલી આટલી વિશેષતા કોણ જગમંચે પ્રગટ કરી શકતું ? આપમાં સૌની વિશેષતાઓને વધાવવાનો એક વિશિષ્ટ ગુણ છે. અને આપ સ્વયં વિશેષતાઓનાં સર્વોચ્ચ શિખર પર બિરાજમાન છો. તો જ બીજામાં રહેલી સુષુપ્ત વિશેષતાને પૃથ્વીપટે પ્રગટાવી શકો છો. હે 'મા' આપનો આટલો બધો અમૂલ્ય સાધનાનો સમય અમને સૌને આપવા માટે આપને અમારા સૌનાં વિશેષ વંદન.

બોલ્ટન શહેરમાં અપાયેલ પૂજ્ય શ્રી પ્રભુના પ્રવચનમાં થયેલ પ્રશ્નોતરી રસમય હતી. પૂજ્ય શ્રી પ્રભુ દ્વારા સાધકોને જે માર્ગ ગમે, તે માર્ગે પણ આત્મોઉન્નતિના માર્ગ પર ડગ માંડવા માંડો એ જ ભાવાર્થ હતો.. શ્રી કૃષ્ણ ભગવાનને શ્રી દ્રૌપદીજીએ પોતાની સાડી ફાડી નાખી તેનો એક નાનકડો ટુકડો બાંધ્યો તેની સામે શ્રી કૃષ્ણ ભગવાને ભર્યા દરબારમાં શ્રી દ્રૌપદીજીની લાજ બચાવી. 'સબસે ઊંચી પ્રેમ સગાઈ' દ્રૌપદીજીના જીવનમાં સાર્થક કર્યું અને આપ પણ અમારા સૌ સાધકોના જીવનમાં જ્યારે આ સમાજમાં અમારી લાજ બચાવવાની હોય ત્યારે. આપ તો બન્ને કામ આપ જ કરો છો અમને રક્ષા પણ આપો છો અને અમારી લાજ પણ આપ જ બચાવો છો. અમે દ્રોપદીની જેમ આપને રક્ષા બાંધી નથી. છતાં આપ રક્ષા બાંધ્યા પછી એ પરંપરા વર્ષોથી નિભાવી રહ્યા છો. કંઈ કેટલાને પડખે ઊભા રહી સૌની આ સંસારના દરબારમાં લાજ બચાવો છો, અને તે પણ એક વાર નહિ પણ અનેક વાર બચાવો છો. આજે પૂજ્ય શ્રી'મા'નો સૌને 'મા'નો સ્નેહ તો આપે આપ્યો જ છે પણ એક ભગિની બનીને પણ આ રક્ષા બાંધી છે. અમને સૌને લાગણીના એક તારે બાંધ્યા છે. આપ એક સદ્‌ગુરુ તરીકે પણ સૌને આ કળિયુગના દૂષણોથી બચાવવા માટે પણ અમારા સૌને કાંડે આ રક્ષા ધરી છે. કાંડા પર રક્ષા એ સતત યાદ અપાવે છે કે

આપણે ભૂલથી પણ કોઈ કાંડ કરવાના નથી. એ વાત આ કાંડા પરની રક્ષા યાદ અપાવે છે. હે 'મા', આપ 'સ્વર્ગારોહણ' તીર્થમાં આરોગ્યયાત્રામાં સતત ૩૦ થી ૬૦ મિનિટ દોડી અને સૌ સાધકોને પણ એક ઉત્તમ સ્વાસ્થ્યનો સંદેશો ધરો છો ૮૧ વર્ષની ઉંમરે ૧૮ વર્ષના યુવાન જેવો તરવરાટ સ્ફૂર્તિ અને ચુસ્તી ! સૌ યુવાનો પણ એ જોઈ શરમાય છે. એ લોકો આટલું દોડી શકતા નથી. બધું આરોગવા છતાં અમે કરી શકતા નથી અને આપ કશું આરોગતા નથી તો પણ આપનું આરોગ્ય સંપૂર્ણ છે. આપ સતત ૩૦૦ સાષ્ટાંગ પ્રણામ પણ કરી અને આરોગ્યનો એક વિશેષ સંદેશો ધરો છો. તમે ધારો તે કરી જ શકો. તે સાબિત કરી બતાવો છો.

નિસ્તેજ, નબળા અને માયકાંગલા વિચારોને 'મા'ની દુનિયામાં કોઈ સ્થાન નથી. ઉન્નત વિચારોને અમારા પૂજ્ય શ્રી'મા' વરેલા છે. અને 'મા' પોતાનાં બાળકો પાસે પણ એવી જ અપેક્ષા રાખે છે. હે 'મા', અમે સૌ આપના આ વિચારોને અમારા સૌના જીવનમાં ઉતારવાની કોશિશ કરીશું. આ યજ્ઞોપવિત પરિવર્તન જાણે અમારા સૌના જીવનનું પણ પરિવર્તન કરનારું ઠરે એ જ આપના શ્રી ચરણોમાં પ્રાર્થના.

આ વખતે હરિરસની હેલીમાં જે જે પદો શ્રવણ કર્યા તે બધા જ નવા પ્રસાદમાં મળ્યા છે એક એક પદના ભાવાર્થ કેટલા સરસ છે તેના અક્ષરદેહ અદ્‌ભુત છે. એ પદો પણ શ્રી આલાપ દેસાઈ અને દેવકી પંડિત સ્વરબદ્ધ કરે તો કેટલું સરસ ! એવો ભાવ પણ મનઅંતરે જાગ્યો. હે પૂજ્ય શ્રી 'મા' આપનો ખૂબ ખૂબ આભાર આભાર આભાર આપનાં શ્રી ચરણોમાં અબજો અબજો પ્રણામ !

**—શ્રી અશ્વિન કાકા**

## ॥ પૂ.શ્રી'મા'ની અદ્‌ભુત અવિશ્રાન્ત સાધના ॥

પૂજ્યશ્રી'મા'નું એક પદ છે :

'વાવડ આવ્યા દસે દિશાથી, પધારશે પ્રભુ પળમાં આવી.'

એનું વિવરણ કરતાં તેઓશ્રી જ કહે છે : 'પ્રભુનો પદરવ તો અતિ સૂક્ષ્મ, દિવ્ય, અદશ્ય હોવાનો ! એ પ્રસાદ અચાનક, અણધાર્યો, કોઈપણ પળે આવે' તો તે ઝીલવા તત્ક્ષણ તૈયાર રહેવું પડે. મંત્રની પગદંડી ન ચાલે. પથારી જ કરો. જપ-તપ-વ્રત-ઉપવાસ-ત્યાગની સળંગ પથારી !

જીવનધરતી પર ટાંકણીની પણ જગ્યા ન છોડતાં, સર્વત્ર જપ..જપ..જપ..પ્રાર્થના..પ્રાર્થના..પ્રાર્થના. જેથી પ્રભુ કોઈપણ દિશાથી, કોઈપણ ક્ષણે પગલાં પાડી શકે.

એટલે 'મા' જીવનમાં સાધના નહિ, સાધનામાં જ સમગ્ર જીવન પરિવર્તિત કરી દેવા ચાહે છે. એ શુભસંકલ્પ પ્રમાણે જ એમનું 'નિત્ય સાધનાપત્રક' તૈયાર થાય છે :

૧. દરરોજ ૨૨૫ દંડવત્ પ્રણામ (૧૯૯૦ થી પ્રારંભ)

૨. દર વરસે એક કરોડ જપ કરવાના (૧૯૯૫ થી નોંધનો પ્રારંભ)

૩. ચાર હજાર છસ્સો (૪૬૦૦) કરતાં પણ વધુ નિર્જળા પૂર્ણ થયા.

૪. ઈ.સ.૧૯૯૫ થી ૨૦૦૦ (૧૨ વર્ષ) મૌનવ્રત પૂર્ણ.

૫. આયુષ્યનાં વર્ષ પ્રમાણે તેટલા દિવસ મૌનવ્રત. ૨૦૧૫-૭૨, ૨૦૧૬-૭૩, ૨૦૧૭-૭૪, ૨૦૧૮-૭૫.

૬. મંત્રજપ સાથે પદ્માસનમાં રોજ દોઢ કલાક ધ્યાન.

૭. દરરોજ શીર્ષાસન, હળવો વ્યાયામ

૮. મૌનવ્રતના વિશેષ દિવસે ૨ કલાક પ્રાર્થના અને વિશેષમાળા.

૯. તા.૩ ઑગસ્ટ ૨૦૨૩ના રોજ ૨૬ કરોડ જપ પૂર્ણ થયા.

આ સાધનાપત્રક સૂચવે છે કે 'મા' જીવનની પળેપળનો હિસાબ રાખે છે. જીવનમાં વ્યવસ્થા, આયોજન, સાતત્ય એમની સ્વશિક્ષણની શિસ્ત તેમજ જાત પરત્વેની પ્રામાણિકતાની પરિચાયક છે. બધું જ પારદર્શક રાખે છે.

## વિશેષ સાધના

**ઉપવાસ :** એકવાર સળંગ ૧૦૮ દિવસ માત્ર નારિયેળપાણી ઉપર વ્રત થયાં છે. ૩ દિવસ સળંગ નિર્જળા વ્રત !

**પ્રાર્થના :** પ્રાર્થનાનું મહત્ત્વ સમજાવતાં 'મા' કહે છે : પ્રાર્થના અને નિયમો જીવનના પાયા છે જેથી જીવનમાં શાંતિ, સંવાદિતા, સ્થિરતા વધે છે. જીવનની શુદ્ધિ થાય છે અને પરમાત્મા આપણા જીવનનું કેન્દ્રબિંદુ બને છે. 'સાચા હૃદયથી પ્રાર્થના કરીએ તો પ્રભુ સાંભળે જ છે.'

## ॥ ૨૬ કરોડ મંત્રની જપયાત્રા : સાધનાનું ઉત્તમોત્તમ શૃંગ ॥

ઈ.સ.૧૯૯૫માં જપયાત્રા શરૂ થઈ ત્યારે દરેક કરોડ જપની ફલશ્રુતિ કેવી છે તેની 'મા'ને ખબર ન હતી. એટલી જાણ હતી કે, ૧૩ કરોડ જપથી ઈશ્વરદર્શન થઈ શકે છે.

'મા' મંત્રયાત્રા માટે કહે છે : 'મંત્ર જપના આંકડા અને

ફલાદેશ જાણી સૌ કોઈ જપ કરવા માંડે. કારણ આ સાધન ખર્ચાળ નથી, આમાં કોઈ ક્રિયાકાંડ નથી. કોઈની પણ સહાય વિના તે થઈ શકે છે.'

શાસ્ત્રોમાં ૧૩ કરોડ જપનો મહિમા અનુક્રમે આરોગ્ય, ધન, યશ, રિદ્ધિસિદ્ધિ, જ્ઞાન, આંતરિક શત્રુઓનો નાશ, સૌભાગ્ય, મરણ મિષ્ટ બને, પરમાત્માની ઝાંખી, પ્રારબ્ધ, ક્રિયામણ કર્મો બળે, ઈશ્વરદર્શન એવો દર્શાવાયો છે.

'મા' તા.૭/૮/'૯૫ થી ૨૨/૭/૨૦૧૦ પંદર વર્ષમાં ૧૩ કરોડ જપ અને આજે ૨૨/૭/૨૦૧૦ થી ૩/૮/૨૦૨૩ તેર વર્ષમાં ૨૬ કરોડ જપનો આંકડો નોંધાવે છે. ત્યારે ૨૬ કરોડ જપના દરેક કરોડને સવાલાખ જપથી વધાવવાની સાથે સાથે પ્રાર્થનાના વિશેષ નિયમોથી પણ આ યાત્રાને વધાવવાનું નક્કી કરે છે. વળી લખે છે : 'સાધનાની આ યાત્રા તો જન્માંતર સુધી ચાલવી જોઈએ. એ યાત્રાને પૂર્ણવિરામ શબ્દ ના શોભે. સતત પરમ સખાને પગલે પગલે ચાલતાં રહો ચાલતાં રહો, ચાલતાં રહો.'

અને પ્રાર્થે છે : 'પ્રભુ, આ ૨૬ કરોડ મંત્રપુષ્પોની પગદંડી આપની પ્રેમથી પ્રતીક્ષા કરી રહી છે. જગતને શ્રદ્ધાનો મહાપ્રસાદ ચખાડી દો. પધારો પધારો પ્રણામ, પ્રણામ, પ્રણામ !' તો ભક્તિ જેનો સ્થાયી ભાવ છે. કરોડો જપ થકી હર પળનું જેનું પ્રભુ સાથે સાયુજ્ય છે, જે સંકલ્પ વિકલ્પથી મુક્ત છે. કોઈપણ ઉધમાત વિના પ્રાપ્ત પરિસ્થિતિને સ્વીકારી લઈ, અંતરને અજવાળ્યા કરવાની જેની નેમ હોય, સમગ્ર જીવનને જ સાધનામાં રૂપાંતરિત કરી દેવાની જેની ધૂન હોય 'જે દેહ છતાં

જેની દશા વર્તે દેહાતીત' એવાં આત્મસ્વરૂપા 'મા'ને આપણા કોટિ કોટિ પ્રણામ પણ ઓછા પડે.

'મા' એ સમગ્ર માનવજાત માટે જે કાંઈ કર્યું છે, જે કંઈ કરી રહ્યાં છે, જે રીતે કરી રહ્યાં છે, એનો અંદાજ ગમે તેટલી વિગતો એકઠી કરવા છતાં આપી શકાય એમ નથી. જેમ અંધારા ખંડના રજકણો પર પડતા સૂર્યકિરણોના ચમકારથી સૂર્યનો મહિમા કદી જાણી ન શકાય તેમ !

આવાં પરમ કલ્યાણમયી 'મા'નું દર્શન એમની પવિત્ર સંનિધિ, એમનો આધ્યાત્મિક સંચાર જ આપણને ચૈતન્યવંત કરશે અને એ જ પળ આપણી દીક્ષાની હશે.

સાચે જ 'મા' એ ઈશ્વરે ધારેલો ગુપ્ત વેશ છે. આપણે જેમ જેમ તેમને જોયા કરીએ તેમ તેમ તેમનું બાહ્યરૂપ અદૃશ્ય થતું જાય અને ઈશ્વર સ્વયં પ્રગટ થાય. અનુભૂતિના આ સ્તરે પહોંચાડવા જ 'મા' આપણને કહ્યા કરે છે : 'મા'ને માત્ર જોયા કરો. કદાચ આપણું જોવું જ, માનું દર્શન જ, ઈશ્વરનો સાક્ષાત્કાર બની જાય ! આટલાં આંતરસમૃદ્ધ 'મા'નું શીલ સહજ વિનમ્રતાનું છે એટલે જ એ પોતાને શ્રીયોગેશ્વર પ્રભુના શ્રીચરણની રજરૂપે ઓળખાવે છે. પણ સ્વયં યોગેશ્વરજીએ એમને 'જગદંબા' તરીકે આરાધ્યા-ઓળખાવ્યા હતા. અને જગતને કહ્યું હતું કે; 'એ જ્યાં હશે, વસશે, વિહરશે ત્યાં ત્યાં તીર્થ બનશે. એ પરમ તીર્થરૂપ છે.'

આવાં સ્નેહતીર્થ 'મા' સર્વેશ્વરીને કોટિ કોટિ વંદન !

**—સંકલન**

# ।। પૂ.શ્રી'મા'ના ઉપદેશની ન્યારી રીત ।।

પૂ.શ્રી'મા' આપણને વારંવાર કહે છે : તમે જ તમને મળો. તમે જ તમને જગાડો.

આમ તો સર્વ શાસ્ત્રોએ, સર્વ સંતોએ આપણને બહિર્મુખ મટી, અંતર્મુખ થવાની સલાહ આપી છે. પૂ.શ્રી'મા'ને પણ કંઈ નવું કે જુદું કહેવાનું નથી પણ એમની કહેવાની રીત અત્યંત સૌહાર્દભરી, આત્મીયતાથી રસાયેલી છે. તેઓશ્રીના હૃદયમાં રહેલું વિનમ્રતાનું ઐશ્વર્ય આપણને છીએ એના કરતાં અનેકગણા મૂલ્યથી આંકી, આત્મશ્રદ્ધાથી ભરી દઈ, પ્રભુ તરફ પ્રેરે છે.

'Bloom, where you are planted' (જ્યાં રોપાયાં છો ત્યાં જ ખીલો)નો સરળ સીધો મંત્ર પકડાવી દઈ આપણને આત્મસ્થિત કરી રહે છે. જ્યાં છો, જે પરિસ્થિતિમાં છો, જે ભૂમિકામાં છો એમાં જ સ્થિત-સ્થિત-દૃઢ થઈ સક્રિય રહો.

**બહુ હળવી-વિનોદી-મર્માળી શૈલીમાં ગંભીર બોધ**

'મા' થોડામાં ઘણું બધું કહી દે છે; ગાગરમાં સાગરની જેમ

૧. 'મા' પ્રભુના હોલસેલ સ્ટોકિસ્ટ છે. ઉધારીનો ધંધો ધમધોકાર ચાલે છે.

૨. જ્યારે જે થશે તે મંગલ !

૩. હરિ રાહ જોઈને જ બેઠા હોય છે. 'હ' કહેતાં જ હરિ દોડે છે, 'હરિ' શબ્દ આખો બોલવો ન પડે.

૪. ક્ષણ ક્ષણ વિશ્વાસ વધારતા જાઓ. સમજપૂર્વક સ્વજનોને સતત સલામી આપતાં રહેવું. માની લીધેલા સંબંધોને સાચવવામાં જિંદગી પૂરી થઈ જાય !

૫. ભક્તો ઊભા થશે તો 'મા' ચાલશે, ભક્તો ચાલશે તો 'મા' દોડશે.

૬. 'મા' પાસે બધાં ઊભરાતાં આવે છે એટલે કૃપા ઉપરથી વહી જાય છે. બધાં પોતાને જ પ્રવાહિત કરે.

૭. જેવું જેનું પાત્ર તેવું ને તેટલું ભરીને વિદાય થાય.

૮. સાધકને બધાં જ બાહ્ય સાધનો અસ્થિર કરે છતાં સાચા સાધકનું નિશાન ધ્રુવતારક પર સ્થિર !

૯. બધા જ એકલા પડે છે પણ તો જ ભગવાન સાથે રહેવા આવી શકે.

૧૦. પ્રાપ્ત કર્મ પ્રતિ આંખમીંચામણાં કદી ન કરવાં.

૧૧. હે પ્રભુ ! પાંપણ જેમ આંખની રક્ષા કરે તેમ તમે સતત સહજ રક્ષા કરો છો.

૧૨. આખું જગત ક્ષણજીવી આનંદમાં મહાલે છે. હે પ્રભુ ! આ બધાંને શાશ્વત આનંદ આપ.

૧૩. પ્રભુ, હું વાંચીશ તમે યાદ કરાવજો.

૧૪. ફળો ચિત્રોમાં જોઈએ અને ખાઈએ તેમાં ફેર. તેમ સદ્‌ગુરુનું સ્વરૂપ જોઈએ અને તેમનું પ્રત્યક્ષ દર્શન કરીએ તેમાં ઘણો ફેર.

૧૫. ગંગાજીનો કેવો પ્રભાવ ! વિચારો આવતા જ નથી.

૧૬. એક મન સદા મૌન એકાંત જ ઇચ્છે છે. પૂજ્ય શ્રી જાણે કહે છે : 'સર્વેશ્વરી, તું ઘરમાં આવ.' મનનેય થાય 'તું શા માટે ભક્તોની પાછળ ઘેલી થાય છે ? એના કરતાં જપ કર, મૌન લે, શાંતિથી જીવ.'

૧૭. પ્રભુ જેટલું આપે તેટલું સામે ધરવાનું ઋણ પણ વધતું જાય.

૧૮. ભીડ ઓછી કરો તો પ્રભુ માટે જગ્યા થાય.

૧૯. અધ્યાત્મક્ષેત્રે વન વે ટ્રાફિક નથી. જેમ ભક્તો સત્યપથ પર પ્રગટે તેમ 'મા' પણ પ્રતીક્ષા કરે.

૨૦. મહાશક્તિ શક્તિને પ્રાર્થે છે : 'ભૌતિક કામોમાં શક્તિના ધોધને ન વાળો.'

૨૧. બધાંને ખો. આપી દો, ભલે તે દોડે-જીતે. આપણે શું ?

૨૨. દરેક સંબંધસરિતાને પ્રભુસમંદરમાં સમાવી દો.

૨૩. ખુશખબર આવે કે શોકના ખબર આવે. પ્રભુને જ કહી દેવા. 'લો, તમે સાંભળો ને સંભાળો પ્રભુ તમારો સંસાર ને મને જંપવા દો. જપવા દો તમારું નામ.'

**—સંકલન**

## ।। પૂ.શ્રી 'મા'નો પ્રેમસંદેશ ।।

### કેવળ પ્રેમ લઈને નીકળી પડો

પરમ પ્રેમમયી 'મા'નું મૌન નિશ્ચયાત્મક રૂપથી કાર્યસાધક છે. કાર્ય બહાર, નહિ, અંદર થાય છે; કેમકે વસ્તુતઃ તેઓશ્રી હંમેશાં આપણી ભીતર રહે છે. તેથી તેમનો પ્રેમસંદેશ 'તમે તમને જ મળો' કંઈક આ રીતે ખુલે છે.

'અધ્યાત્મ' અને 'જીવન' બે જડબેસલાક અલગ અલગ ખાનાં. એક ખુલે તો બીજું બંધ, બીજું ખૂલે તો પહેલું બંધ ! અધ્યાત્મ જીવન સાથે એકરૂપ થઈ જાય, રસાઈ જાય એવું જીવો. એને માટે નથી જરૂર પાંડિત્યની, વિદ્વત્તાની, શાસ્ત્રોની, ભજન-કીર્તનની ! 'ગ્રંથ ગરબડ કરી, વાત ન કરી ખરી.' ભજન-કીર્તનના બરાડા, રાગડા, વાણીના પ્રલાપો ત્યજો. ઘોંઘાટ, કોલાહલ, શોરબકોર નહિ; 'શાંતિ' એનું પ્રવેશદ્વાર છે. જે કંઈ કરો, ધીરેથી, હળવેથી, નિર્ભાર થઈને, નિશ્ચિત થઈને કરો. 'હરિ કરશે મમ હિતનું' એ શ્રદ્ધા રાખો.

કેવળ પ્રેમ લઈને નીકળી પડો જગતમાં. બાકીનું બધું શ્રીહરિ સંભાળી લેશે. આપણને પ્રેમ જ નથી. પાડોશી શું, આપણા પોતાના પરેય ક્યાં પ્રેમ છે ? શરીર-મનના ઉધામામાં જ નિશદિન રહીએ છીએ. એને ખવડાવવા-પીવડાવવા-શણગારવાની પળોજણમાં રોગોથી ભરી દઈએ છીએ. તન-

મન-માંયકાંગલાં ! એમાં થયેલી ‘આત્મપ્રતિષ્ઠા’ની ઐસીવૈસી !

ભીતર પ્રતિષ્ઠ પ્રાણની સંપૂર્ણ અવહેલના ! પ્રેમની સુકુમારતા, નજાકત, આભિજાત્ય એ એનું સાચકલું સ્વરૂપ છે, એની પિછાન જ ક્યાં છે ?

પ્રેમ મૂક હોય, સંયમિત હોય છતાં પરિપૂર્ણ, અખંડ, અવિરત, એકધારો, બિનશરતી હોય. નિરપેક્ષતા એની અસલિયત ! એ અપેક્ષાઓથી ખરડાયેલો ન હોવો જોઈએ.

‘આકાશ’ કોઈનું નહિ, સર્વનું છે. જે જેટલું ઝીલી શકે, નિરખી શકે, અનુભવી શકે એટલું એનું ! એને માટે નાનું છિદ્ર, નાનું બાકોરું, નાની બારી ન ચાલે. અખંડ દર્શન માટે બારીબારણાં ખોલીને બહાર આવી જવું પડે, અગાશી કે ખુલ્લા મેદાનમાં આવવું પડે.

‘સ્વ’માંથી બહાર નીકળી, આજુબાજુનો, આસપાસનો વિચાર કરો. અરે જે ધરતી પર ચાલો છો એના પર તમારો ભાર, આક્રમણ જરા હળવું બનાવો.

**—સંકલન**

# ॥ સાધકોને સદા જાગ્રત રહેવા અનુરોધ ॥

'સ્વર્ગારોહણ'માં રહેતા સાધકો માટે અતિનિયમિત 'મા' વિવિધ પ્રકારના આધ્યાત્મિક અભિયાનો યોજે છે. પાઠ, પારાયણ, ભજન, કીર્તન, સ્તુતિ, પ્રાર્થના, સદ્‌ગ્રંથવાંચન, પ્રદક્ષિણા, જપયાત્રા, ડી.વી.ડી. દર્શન, દ્વારા સતત પ્રભુમય રહેવા અનુરોધ કરે છે. અહીં આવનાર પ્રત્યેક જિજ્ઞાસુને પ્રતીત થાય છે કે, 'આપણી સાથે એક શક્તિ છે જે હંમેશાં આપણી આસપાસ રહી, આપણી નિરંતર રક્ષા કરી રહી છે. એ શક્તિ જો આપણા ભીતરના અંશ સાથે ઓતપ્રોત થઈ જાય પછી બધું જ સહજ, સદા આનંદમય બની જાય. આપણી સમગ્ર જીવનયાત્રા જ ધન્ય, સાર્થક થઈ જાય.'

વર્ષોવર્ષ અહીં આવનાર ભાવિકોની સાત્ત્વિકતામાં રૂપાંતરિત થતી દુન્યવી વૃત્તિઓ, ભૌતિક બાહ્ય વસ્તુઓ પ્રત્યે ઘટતું જતું આકર્ષણ, પ્રભુ શ્રદ્ધા તેમજ આત્મશ્રદ્ધાના સંતુલનથી પોતે સંસારમાં રહે છતાં સંસાર પોતાનામાં ન રહે એવી તૈયારી કરવા પ્રેરતી 'ચેતનાનું નિર્માણ' એ 'મા'ના અહેતુક પ્રેમનું પરિણામ છે.

'મા' પણ જિજ્ઞાસુઓને વારંવાર પિંજરમુક્ત બની, અહીં ઊડીને આવવા નિમંત્રતાં રહે છે, એમ કહીને, 'આ સર્વ સ્વજનોનું પિયર છે.' આવો-પધારો જપો, તપો...પ્રભુ રાહ જોતા ખડા જ છે, એક પળ પણ વિશ્રામ લેતા નથી.

**—સંકલન**